Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्ठं
शुद्ध सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवन्ति॥ १॥

पु. १४. } वीर संवत् २४४३ फाल्गुन. आत्म सं. २१. } अंक ८ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ભાવના તથા ગુરૂસ્તુતિ. | ૧૭૯ | ૭ | અત્ર વિદ્વાન મુનિરાજોનું આવાગમન. ... ... ... | ૧૯૮ |
| ૨ | સુદેવ સ્તુતિ. ... ... | ૧૮૦ | ૮ | એક ખાસ જાણવા યોગ્ય દિક્ષા મહોત્સવ. ... ... | ૧૯૮ |
| ૩ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ૧૮૦ | ૯ | લગ્નાદિ પ્રસંગે સમાજ ઉન્નતિ માટે લક્ષ દેવાની જરૂર. ... | ૨૦૦ |
| ૪ | ચારિત્ર ગઠન. ... ... | ૧૮૪ | ૧૦ | ગ્રંથાવલોકન. ... ... | ૨૦૦ |
| ૫ | સમાજ સેવાની આવશ્યકતા. | ૧૮૯ | | | |
| ૬ | દેવગુરૂ અને ધર્મ પ્રત્યે કેવો અવિહડ પ્રેમ હોવો જોઇએ ? | ૧૯૩ | | | |


વાર્ષિક મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે ! "જૈન ઐતિહાસિક ગ્રંથ." તૈયાર છે !

## शत्रुंजय तीर्थोद्धार प्रबंध.

(સંસ્કૃત ગ્રંથ.)

### संपादक—मुनिराज श्री जिनविजयजी महाराज.

તિર્થાધિરાજ શ્રીશત્રુંજયના વર્ત્તમાન ઉદ્ધારના કર્ત્તા પ્રભાવક **શ્રીકર્માશાહ**ના સુનામથી કયો જૈન અજાણ્યો હશે? તેમજ તે મહાપુરૂષના પવિત્ર જીવનવૃત્તાંત જાણવા માટે કોણ ઉત્સુક નહિ થાય? આ પ્રબંધમાં એજ મહાપુરૂષનું વિસ્તૃત વૃત્તાંત આપવામાં આવ્યું છે. કર્માશાહ કોણ હતા ? ક્યાં રહેતા હતા ? શી રીતે તેમણે આ ઉદ્ધાર કર્યો વિગેરે બાબતો જાણવી હોય તો આ પુસ્તક ચરિત્ર વાંચો. આ પ્રબંધના કર્ત્તા ખુદ તે વિદ્વાન્ છે, કે જેમણે એ ઉદ્ધાર કાર્યમાં સર્વથી મુખ્ય ભાગ ભજવ્યો હતો. શ્રીશત્રુંજય તીર્થનું આધુનિક અને પ્રાચિન પ્રમાણિક વર્ણન વાંચવું હોય અને તીર્થાધિરાજના મહત્વનું જ્ઞાન કરવું હોય તો એકવાર આ પુસ્તક અવશ્ય વાંચવું. આના પ્રારંભમાં સંપાદકે ૮૦ પૃષ્ટ જેટલી વિસ્તૃત ભૂમિકા, રસીલી હિંદી ભાષામાં લખી છે, જેમાં અનેકાનેક ઐતિહાસિક હકીકતો લખવામાં આવી છે. પ્રારંભમાં આદિનાથ ભગવાનના મહાન્ મંદિરનો સુંદર ફોટો પણ આપવામાં આવ્યો છે. કાગળ, છપાઇ, બાઇડીંગ વિગેરે સર્વે ઉત્તમ પ્રકારનું કરવામાં આવ્યું છે. કિંમત માત્ર ૧૦ આના, પોસ્ટેજ જુદું.

---

## અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.

# ચૌદમા વર્ષની અપૂર્વ ભેટ.

---

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇએ છીએ કે આ માસિકનું આ ચૌદમું વર્ષ ચાલતું હોવાથી જેના આઠ અંકો પ્રસિદ્ધ થઈ ચુકયા છે, જેથી દર વર્ષ મુજબ આ વર્ષે પણ ધારા મુજબ પ્રત્યેક જૈન બંધુઓ અને બ્હેનોને પઠન-પાઠનમાં ઉપયોગી અવશ્ય જ્ઞેય, યોગ્ય દ્રવ્યાનુયોગનો (આગમનું રહસ્ય જણાવનાર) ખરેખરો ઉપયોગી ગ્રંથ અમારા કદરદાન ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક તરીકે આપવાનું પસંદ કરવામાં આવ્યું છે. તે ગ્રંથનું નામ અને તે સબંધી હકીકત હવે પછીના અંકમાં સવિસ્તર આપવામાં આવશે. દર વર્ષે ધારા મુજબ નિયમીત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમારો જ છે. તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બ્હાર હશે જ નહિ.

આઠ માસ થયા ગ્રાહકો થઇ રહેલા અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશે જ. એમ અમોને સંપૂર્ણ ભરોંસો છે. **છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય, અથવા છેવટે બીજા બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાં જ અમોને લખી જણાવવું, કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકશાન સભાને ખમવું પડે નહિ તેમ જ અમોને તથા પોસ્ટખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. એટલી સુચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४३, फाल्गुन आत्म संवत् २१. [ अंक ८ मो.

## श्री भावना स्तुति.

### સગ્ધરા.

જેના યોગે અવનિ તલમાં ધર્મસૂર્ય પ્રકાશે,
જે ભાવ્યાથી ભવિ હૃદયમાં શ્રી દયાધર્મ ભાસે;
જે પ્રાણીને પ્રગટ કરતી મુક્તિનો માર્ગ સારો,
તેવી બારે ભવિકજન સૌ ભાવના ચિત્ત ધારો. ૧

## ગુરુ સ્તુતિ.

જે દેશના[૧] ગર્જનથીજ ગાજે, ચારિત્રવિદ્યુત્ ચળકાવી રાજે[૨];
વર્ષાવતા જે શુભ તત્ત્વવારિ[૩], નમો સદા તે ગુરૂ અંબુ[૪] ધારી. ૨

---

૧ દેશનારૂપી ગર્જનાથી. ૨ વિરાજે-શોભે. ૩ શુભ જ્ઞાનતત્વરૂપી જળ.
૪ ગુરૂરૂપી વર્ષાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अर्हम्.

(રાગ કવ્વાલી.)

देवस्त्वमेव भगवन् ज्ञातं मयेति सम्यक् ।
अन्यो न त्वत्समानो ज्ञातं मयेति सम्यक् ॥
रागादिदोषरहितो महितो नरामरेन्द्रैः ।
देवाधिदेव त्वत्तो देवोऽस्ति नैव सम्यक् ॥
स्याद्वादी त्वं नयज्ञो नयवादयुक्तवचनैः ।
ब्रूषे पदार्थ सार्थं ज्ञातं मयेति सम्यक् ॥
वस्तु कथञ्चिदस्ति नास्ति कथञ्चिदेवम् ।
नित्यं तथाह्यनित्यं गदितं त्वयेतिसम्यक् ॥
क्रोधाग्निनातिदग्धं मानाहिनातिजग्धम् ।
बद्धं हि नाथ माया–जालेन हंत सम्यक् ॥
लोभाब्धि मग्नमाधि–व्याधिभिःपीडितं माम् ।
जानासि किं ब्रुवेहं पाहि जिनेशसम्यक् ॥
मत्तेभसिंहदलने सूरा न मारहनने ।
कन्दर्पदर्पहरणे सूरस्त्वमेव सम्यक् ॥
आत्मानमात्मना सह साम्यं कुरुममार्हन् ।
देह्यात्मलक्ष्मीहर्षं वल्लभदेव सम्यक् ॥

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## ખંડગિરિ–ગુહાના વિષયમાં અન્ય ઉલ્લેખ.

[ ખંડગિરિની હાથીગુહાવાળો જૈન નરપતિ ખારવેલનો શિલાલેખ, જે સ્વર્ગસ્થ ડૉ. પંડિત ભગવાનલાલજી ઇન્દ્રજીએ બહુજ પરિશ્રમ લઇ ઉત્તમ રીતે પ્રકાશમાં આણ્યો છે, તે આગળના અંકોમાં આપવામાં આવ્યો છે. તે લેખ અને ગુહાઓના વિષયમાં, આર્કિઓલૉજીકલ સર્વે ઓફ ઇન્ડિઆના સન્ ૧૯૦૨–૩ ના એન્યુઅલ રીપોર્ટમાં ( પૃષ્ઠ ૪૦ ) મી TH. Bloch. નો એક લેખ પ્રકટ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ લેખ, ખારવેલના લેખના વાંચકોને ઉપયોગી હોવાથી, એનો ગુજરાતી અનુવાદ અત્રે આપવામાં આવે છે. આગળ ઉપર એક બીજા પણ બંગાળી વિદ્વાનનો એ વિષયનો લેખ આપવા વિચાર છે. ]

**प्रेषक–मुनि जिनविजय.**

ઓરિસ્સા ( Orissa ) માં ભુવનેશ્વરથી પશ્ચિમમાં ચાર મૈલ દૂર આવેલી નીચી અને બેવડાં શિખરોવાળી ખંડગિરિની ટેકરીની આજુબાજુએ આવેલી ગુહાઓને હિંદુસ્તાનની પશ્ચિમ બાજુમાં આવેલાં કોતરેલાં મંદિરો જે ઘણાં ભવ્ય છે તેમની સાથે સરખાવી શકાય તેમ નથી. તે તો માત્ર સાદાં અને નાનાં ભોંયરાં છે, કેટલીક ગુહાઓને આગળ કોતરેલી કિનારીવાળા તથા સ્તંભ ઉપર રહેલા ઓટલા છે. પુરાણવસ્તુશોધકને તો આ ટેકરી ઉપર જે વધારે ઉપયોગી થઈ પડે તે "મહામેઘવાહન" ( જેનો હાથી મોટા વાદળા જેવો છે ) રાજા ખારવેલનો "હાથીગુંફા લેખ" છે. સંસ્કૃત સાહિત્યના વાંચકોના વાંચવામાં 'મહામેઘવાહન' શબ્દ ઘણીવાર આવ્યું હશે. **આ લેખ તદ્દન ઐતિહાસિક છે જે હિંદમાં પ્રથમ જ છે.** તેની શૈલી રાજા ડેરીઅસ ( Darius ) ના બેહિસ્તુન ( Behistun ) લેખના જેવી છે, પણ દુર્દૈવે આ લેખ એક બરછટ શિલા ઉપર કોતરેલો છે તેથી ઘણો વખત જવાને લીધે તેના કેટલાક અક્ષરો જતા રહ્યા છે.

પરંતુ આ ગુહાઓ વિષે એક બાબત જાણવા જેવી છે. એ બધી જૈનોના ધાર્મિક કામો માટે કરવામાં આવી છે અને કેટલાક સૈકાઓથી તેમાં જૈન સાધુઓ રહેતા હતા એમ જણાય છે. ટ્રાન્ઝેકશન્સ ઑફ ધી કૉન્ગ્રેસ ઓફ ઓરીએન્ટાલીસ્ટ્સ ઍટ લીડન ( Transaction of the Congress or Orientalists at Leyden ) માંના એક લેખમાં ભગવાનલાલ ઈંદ્રજીએ હાથિગુમ્ફ તથા બીજા નાના લેખોનો શુદ્ધ પાઠ અને તરજુમો આપેલો, તે ઉપરથી આ બાબતની શોધ લાગી છે. હાથિગુમ્ફા લેખમાં પ્રથમ જૈન લોકોનું આશીર્વાદાત્મક સૂત્ર આવે છે, તથા સ્વર્ગપુરી ગુહાના એક બીજા લેખમાં એમ જણાવવામાં આવ્યું છે કે આ ગુહા અર્હતોના પ્રસાદથી–( નામ જતું રહ્યું છે ) રાજાની પટ્ટરાણી જે લાલક રાજાની પુત્રી છે, તેણે કલિંગના સાધુઓ માટે કરાવી છે. ત્યારબાદ ખંડગિરિમાં જૈનો રહ્યા હતા, એ બાબત આ ગુહાઓમાં રહેલી જૈન પ્રતિમાઓ તથા ઉદ્યોતકેશરિના વખતના લેખ (ઇ. સ. ના ૧૧ મા સૈકામાં ) ઉપરથી સાબીત થાય છે; આ લેખમાં શુભચંદ્રનાં કુળ તથા ગણ આપેલાં છે. અને આ શુભચંદ્રનો શિષ્ય કુલચંદ્ર તેમાંની એક ગુહામાં રહેતો હતો અને તે જેના ગુરૂની માફક જૈન ધર્મ પાળતો હોવો જોઇએ. વળી ખંડગિરિ ઉપર હાલનું એક જૈન દેવાલય છે, જ્યાં કટકના જૈન દુકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહારો પૂજા નિમિત્તે પ્રતિવર્ષે એક વખત ભેગા મળે છે. એટલી વાત તો ખરી કે આ ગુહાઓમાં કરેલાં કોતરકામો જૈન રીતિનાં હોય તેમ લાગતાં નથી, પણ જરાએ બૌદ્ધનાં હોય તેમ પણ લાગતું નથી. વૃક્ષપૂજા, હાથીઓ, લક્ષ્મી, સૂર્યદેવ, સ્વસ્તિકા ચિન્હ તથા અન્ય ચિન્હો પૂર્વે હિંદુસ્તાનમાં સ્વાભાવિક રીતે કારીગરો કાઢતા હતા. જગન્નાથનું ભીંત ઉપર ચિતરેલું એક ચિત્ર છે તે સિવાય એક હિંદુ આકૃતિ મને યાદ આવે છે તે ગણેશગુમ્ફ ( લગભગ ૮૦૦ થી ૧૦૦૦ વર્ષની જુની ) ની પાછલી દિવાલ ઉપર કોતરેલા ગણેશની છે. તે વખતે કદાચ હિંદુ સાધુઓ આ ગુહાઓમાં રહેતા હોય પણ ક્યારે જૈનોએ આ ગુહાઓનો ત્યાગ કર્યો એ ખરી રીતે જાણવાને આપણી પાસે સાધન નથી; માત્ર પુરીના દેવાલયના ઇતિહાસમાંની એક અવ્યક્ત દંતકથા છે, જેમાં કહેલું છે કે કોડગંગાના પૌત્ર મદનમહાદેવે ભુવનેશ્વરની આજુબાજુની ટેકરીઓમાં રહેતા જૈન તથા બૌદ્ધ સાધુઓ ઉપર જુલમ ગુજાર્યો. જો આ વાત ખરી હોય તો તે ઇસ્વીસનના બારમા સૈકાની આખરમાં બની હોવી જોઈએ*

આ ગુહાઓની મિતિ નક્કી કરવામાં ઉપર કહ્યા તે લેખો ઉપરજ માત્ર આધાર રાખવો પડે તેમ છે. ભગવાનલાલ ઇંદ્રજીએ પ્રથમજ શોધી કાઢયું કે હાથિગુંફા લેખમાં ખારવેલ પોતાના રાજ્યના તેરમા વર્ષને મૌર્યકાળનું ૧૬૫ મું વર્ષ ગણે છે. મારા ધારવા પ્રમાણે આ સંવત્ મૌર્યરાજ્ય સ્થાપક ચંદ્રગુપ્તના રાજ્યાભિષેકથી શરૂ થઈ; અને, અશોકે કલિંગ જીત્યું ત્યારથી શરૂ થઇ એ ભગવાનલાલનો મત ખરો નથી. આ મિતિ લગભગ ઇ. સ. પૂર્વે ૧૫૫ થાય. ઉપર કહ્યા પ્રમાણે એક ગુહા ખારવેલની પટ્ટરાણીએ કરાવી હતી; તથા અન્ય ગુહાઓ એક રાજા જેનું નામ વક્રદેવ એમ વાંચવામાં આવ્યું છે અને જે પોતાને મહામેઘવાહન કહે છે તેની તથા વડુકરાજાની ભેટ છે. આ બન્ને ખારવેલના પુત્ર હશે. તેથી આ ગુહાઓ ઈ. સ. પૂર્વે બીજા સૈકાની મધ્યમાં થઇ હશે એમ માની શકાય. કેટલીક મુખ્ય મુખ્ય ગુહાઓ જેવી કે રાણીનૌર, ગણેશગુફા તથા અનન્તગુંફામાં અંદર કરેલાં કોતરકામોની શૈલી ઉપરથી સ્પષ્ટ રીતે ઉપરોકત મિતિ ખરી લાગે છે અને તેના પહેલાં તેમની મિતિ ગણવી એ અયોગ્ય લાગે છે. પણ ઉપર કહ્યા તે રિપોર્ટમાં બાબુ મનમોહન ચક્રવર્તી એમ કહે છે કે જે ગુહાઓમાં સાદું જ કોતરકામ છે તે ગુહાઓ વધારે કોતરકામવાળી ગુહાઓથી જુની છે. આ વિગતની વિરૂદ્ધમાં ઘણું કહી શકાય તેમ છે. આછું અગર ગાઢું કોતરકામ કરાવવું એ દાતાની બક્ષિસ ઉપર

* બાબુ મનમોહન ચક્રવર્તી એમ. એ. ના " નોટ્સ આન ધી રીમેન્સ ઇન ધૌલી એન્ડ ઇન ધી કેસ ઑફ ઉદયગિરિ " પાનું ૯ માં જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધાર રાખે છે, નહિ કે તે કારિગરીની પ્રગતિ છે. અને મારા મત પ્રમાણે સાદી ગુહાઓ પાછળથી જ્યારે ખારવેલ અને તેના અનુગોની સહાય જહી રહી ત્યારે કરેલી છે.

વચલા વખતનું કોતરકામ ઇ. સ. ૮ થી ૧૧ સૈકાની વચમાં થએલું હશે એમ કહી શકાશ. વળી એક ગુહા જેમાં આવાં ઘણાંજ કોતરકામો છે તેમાં ઉદ્યોત કેશરિના વખતનો એક લેખ છેજે ચોક્કસ નથી તોપણ ઇ. સ. ના અગીઆરમાં સૈકાનો છે. પણ સાથે સાથે કબુલ કરવું જોઇએ કે જે ગુહાઓમાં વચલા ( mediatval ) વખતની જૈન પ્રતિમાઓ છે તે પ્રતિમાઓ ખરેખર તેટલા વખતની જુની હોવી જોઈએ તેમ નથી; કારણ કે જુની ગુહાઓમાંની એક ગણેશગુફામાં ભીતમાંથી કોતરેલી ગણેશની પ્રતિમા છે તે ત્યારપછી થએલી છે.

મેં ઉપર કહ્યું તે પ્રમાણે હાથિગુંફ લેખ જે ખરડ શિલા ઉપર છે તે ઘણો-ખરો જતો રહ્યો છે, જે અક્ષરો જતા રહ્યા છે તે ફરીથી મૂકવા એ પ્રશ્ન નથી; પણ તેને રાખવાને માટે તેની આગળ એક ઓટલો ચણવામાં આવ્યો છે જેથી તેના ઉપર સૂર્યના તાપની તેમજ ચોમાસાની અસર થાય નહિ. આ ઓટલો એવો બાંધવામાં આવ્યો છે કે લેખ જે છાપરાની નીચે છે તે સરલતાથી વાંચી શકાય પણ આ લેખ જમીનથી ઘણો ઉંચે છે તથા ઘણા અક્ષરો આછા અને અસ્પષ્ટ થઇ ગયા છે તેથી આ અક્ષરોની બરોબર તપાસ કરવાને માટે એક પાલખ જોઈએ, લગભગ ૧૮૩૫ માં જ્યારે કિટ્ટુ ( Kittoe ) એ નકલ કરી ત્યારબાદ ઘણા અક્ષરો ખરી ગયા છે. તેથી આ નકલની વારંવાર જરૂર પડે તેમ છે. જો કે કિટ્ટુ આ લેખ સમજવાને અશક્તિમાન હતો તોપણ તેણે ઘણીજ ચોકસાઇ રાખેલી છે, વળી એક બીજી નકલ પ્લાસ્ટરમાં કરેલી છે જે ઈંડીઅન મ્યુઝીઅમમાં છે અને જે મી. એ. ઈ. કેડી ( Caddy ) એ ઇ. સ. ૧૮૯૬ માં કરી હતી.

ગણેશગુફાની આગળના ઓટલા સુધી જતાં પગથિયાંની બે બાજુએ પ્રથમ, બે હાથીઓ હતા જે પોતાની સૂંઢવડે ફુલ અગર ફળ ઉપાડતા હતા. આ બંને હાથીઓની મૂર્ત્તિઓ ભાંગેલી જણાઈ છે તથા ગુહાની આગળ નાંખેલી છે. હાલ તે ફરીથી ઉભી કરવામાં આવી છે અને એકને બીજા સાથે મેળવીને તૈયાર કરવામાં આવી છે, આ ગુહાનું નામ બે હાથીઓ ઉપરથી પડેલું હશે જો કે પ્રથમ આ બે હાથીઓ ગણેશને લીધે મૂકેલા છે એમ નથી પણ માત્ર શોભાને માટે છે. ગયામાં વિષ્ણુપાલના દેવાલય નજીક એક નાની દેવકુલિકામાં હાલ એક એવુંજ તથા એ અરસામાં બનેલું હાથીનું બાવલું છે. જેને ત્યાં ગયાગજ તરીકે પૂજે છે. તેનું મૂળ શોધી શકાતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખંડગિરિના દક્ષિણ શિખરને ખંડગિરિ કહે છે તથા ઉત્તર શિખરને ઉદયગિરિ કહે છે; અને તન્તુઆ ગુહાઓ બે નાનાં ભોંયરાં હોઈ દક્ષિણ શિખર ઉપર એકબીજાની ઉપર આવેલી છે. તન્તુઆ એટલે જળમાં ડુબકી મારતું પક્ષી અને દ્વાર ઉપરની કમાનો ઉપર કાઢેલાં પાણીમાં ડુબકી મારતાં પક્ષીઓ ઉપરથી ગુહાનું નામ પડેલું હશે. તેમની પાસે તેન્તુલી ગુહા છે તેનું નામ, તેની આગળ આવેલા એક તિન્તિણિ ઝાડ ઉપરથી પડેલું છે આ ત્રણે ગુહાઓ જે નાના કદની તથા થોડી જરૂરીઆતની છે તે જુની શૈલીની છે અને તેમને સમરાવવાની ઘણી જરૂર હતી. તેથી કરીને તેમનો છાપરાનો તથા સ્તંભનો પડી ગયેલો ભાગ સમરાવવામાં આવ્યો છે તથા તેની આગળ પાછળ જમા થએલો કચરો તથા ઝાડવાં કાઢી નાંખવામાં આવ્યાં છે. શતધર ગુહા જેમાં વચલા વખતનાં કોતરકામો છે તેને પણ સમરાવવામાં આવી છે તેની આગળની હાલની એક ઇમારત પાડી નાંખવામાં આવી છે તથા જુની શૈલી પ્રમાણે જ ઓટલાને આધારરૂપ ચણવામાં આવ્યો છે. ઘણી નરી ગુહાઓને અંદરથી સાફ કરવાની તથા ઉંચેની કોતરેલી કિનારીને સાફ કરવાની કોશિસ કરવામાં આવી હતી પણ સફળતા થોડી મળી છે. તોપણ તેમાં કેટલોક સુધારો થયો છે. જ્યાંસુધી હાલના યોગીઓ તથા સન્યાસીઓ ત્યાં રહે છે અને પોતાનો ખોરાક રાંધે છે ત્યાંસુધી અંદરથી સાફ થઈ શકશે નહિ. વળી આ સન્યાસીઓને ગુહાઓમાંથી કાઢી મૂકવા એ લોકોને અણગમતું છે તથા કેળવાયલા હિંદુઓ પણ એમજ માને છે કે આવી ગુહાઓમાં રહેવાનો સંન્યાસીઓનો હક છે કારણ કે આવી ગુહા કરવાનો મૂળ હેતુ એજ છે.

## ચારિત્ર ગઠન.

( ગતાંક પૃષ્ટ ૧૬૩ થી શરૂ )

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે "સારી ટેવો ઉપજાવવા માટે શું કરવું ?" ઉત્તર તૈયાર છે, અને તે આ પ્રમાણે છેઃ-" તમારા મનમાં એક ઇષ્ટ માનસમૂર્તિ ( mental image ) રચો, અને તે મૂર્તિની આસપાસ, તે મૂર્તિને અનુરૂપ ટેવને ઉપજાવો. " સ્પષ્ટતાને ખાતર ચાલો અધિક વિવેચનમાં ઉતરીએ.

આપણી આસપાસ આપણે જે કાંઇ સ્થૂળ રચનાવાળી સૃષ્ટિ જોઇએ છીએ તે બધી એક માનસીક ચિત્રને અનુસરીને બાહિર્ભાવ પામેલી છે. વ્યક્ત કે અવ્યક્તપણે એક માનસીક ચિત્રને જ અનુસરીને બધી સ્થૂળ ઘટનાઓ રચાતી માલુમ પડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કેટલીક રચનાઓ મનુષ્યના આંતર ચિત્રને અનુસરીને, કેટલીક પશુઓના મનને અનુસરીને અને કેટલીક દીવ્ય સત્વની યોજનાને અનુસરીને રચાયેલી હોય છે. વિશ્વનો નિયમ જ એ પ્રકારે છે કે પ્રત્યેક રચના પ્રથમ આંતર જગતમાં હોય છે અને ત્યાંથી તે સ્થૂળ જગતમાં અવતરણ પામે છે. ચારિત્રની રચના સંબંધે પણ તેમજ છે. જ્યારે આપણે એક ઘરની રચના કરવા માગીએ છીએ ત્યારે આપણે શું કરીએ છીએ ? પ્રથમ આપણે "ઘર" ની એક સામાન્ય ભાવના મનમાં રચીએ છીએ. તે પછી તે ઘર કેવી જાતનું કરવું તેનું વિશેષ મનોમય ચિત્ર ઉપજાવીએ છીએ, તે પછી તે ઘરની બાંધણી, ઘાટ, સામગ્રી, બારી બારણા વિગેરે કેવા કરવા તે સંબંધી સવિશેષ વિગત નકી કરીએ છીએ. તે પછી કદાચ કોઇ મીસ્ત્રીને પુછીને આપણે પ્લાન ઘડાવીએ છીએ. આ પ્લાન અથવા યોજના એ શું છે ? આપણા માનસીક પ્લાનનું કાગળ ઉપરનું અવતરણ માત્ર છે. અને તૈયાર થએલું મકાન એ શું છે ? આપણા માનસિક ચીત્રનું બીજું સવિશેષ અવતરણ અથવા સ્થૂળ બહિર્ભાવ છે (Physical expression) છે. આપણી કલ્પનાની મૂર્તિ બાહ્યભાવ (Objectification) પામે છે. અને તેજ પ્રમાણે બધા જ સૃષ્ટ પદાર્થોના સંબંધે સમજવું વ્યાજબી છે. જ્યાં જ્યાં રચના છે, ઘટના છે, વ્યવસ્થા છે, ત્યાં અવશ્ય તે સર્વની પૂર્વગામી યોજના, પ્લાન, બુદ્ધિગત ચિત્ર. અથવા માનસ ભાવના હોવી જ જોઇએ.

અને તેજ પ્રમાણે જ્યારે આપણે આપણા ચારિત્રમાં કોઈ ઇષ્ટ લક્ષણો ઉપજાવવા માગીએ છીએ ત્યારે પ્રથમ તો આપણા માટે આ પ્રમાણે કરવું વ્યાજબી છે. આપણે કેવા થવા માગીએ છીએ, અથવા આપણા ચારિત્ર બંધારણમાં શું તત્વો જોવા ને આપણે ઇંતેજાર છીએ તેનું સ્પષ્ટ, સુરેખ, માનસ-ચિત્ર રચવું જોઇએ. આ એક અત્યાવશ્યક પ્રથમનું પગથીયું છે. તમારા માનસચિત્રને બને તેટલું સ્પષ્ટ શંકા અને ગોટાળા વિનાનું; ચોખ્ખું અને વિગત સહિત રૂપરેખાઓથી પરિપૂર્ણ રચો, અને તે ચિત્રને તમારા મન સાથે સજ્જડ જડી દ્યો. એ ચિત્ર જ તમારી ચારિત્રની ઇમારતનો પાયો છે. એ પાયાની ઉપર જ તમારૂં ભાવીનું ચણતર થવાનું છે. એ યોજના (Design) ને અનુસરીને જ તમારે રચનાત્મક કાર્ય (Constructive act) કરવાનું છે. એ ચિત્ર ઉપર મનને વિરામ પમાડો, તેની પૂજા કરો. જેને કોઈ પ્રકારનો જીવનઉદ્દેશ છે તેમણે તો આ માનસમૂર્તિનું પૂજન કરવું જોઇએ. સ્થૂળ મૂર્તિપૂજા પણ જો આ ઉદ્દેશને કોઈ અંશે સિદ્ધ કરી શકતી હોય તો હમે તેને પણ કર્તવ્ય માનીએ છીએ. વિશ્વને "મૂર્તિપૂજા" વિના ચાલતું નથી--ચાલે તેમ પણ નથી. હાલ તો આપણે આપણા પ્રસ્તુત વિષયને છોડીને અવાંતર વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષયમાં ઉતરવું યોગ્ય નથી. પરંતુ એટલું તો કહીશું કે જ્યાં મૂર્તિ–પૂજા નથી ત્યાં પ્રગતિ, વિકાસ કે ઉત્ક્રાંતિ નથી. પણ મૂર્તિ–પૂજા કયા સ્થાને નથી ? બધે જ છે.

કલ્પના વડે એ ઇષ્ટ લક્ષણોને તમારી ચારિત્ર ઘટનામાં જુઓ, અને જાણે તે તમારામાં અત્યારેજ છે તેમ વર્તો. તે પ્રમાણે તમારૂ વર્તન છે, અને જીવનના પ્રત્યેક પ્રસંગમાં તમે તે લક્ષણનો પરિચય આપો છો, એમ મનોમય જુઓ. ગમે તેવા પ્રબળ પ્રલોભના પ્રસંગમાં કે ગમે તેવા વિકટ મામલામાં તમે તે લક્ષણનો ત્યાગ નથીજ કર્યો, એમ કલ્પનામાં નકી કરો. એ લક્ષણને જતું કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય, તેને ક્ષણભર છોડી દેવાથી તમને મોટો લાભ થતો હોય છતાં તમે તેને ખંત, ઉત્સાહ, ધૈર્યથી સતત પણે વળગીજ રહ્યા છો, એમ કલ્પનામાં જુઓ, વખતના વહેવા સાથે આ ચિત્રનો તમારા જીવનમાં બહિર્ભાવ થયા વિના રહેશે નહી. કલ્પનાના જળ વડે સિંચાએલું ચારિત્રનું બીજ મનોમય ભૂમિકાની માટીમાંથી બહારના આકાશમાં અવતરણ પામશે તે પછી એ લક્ષણને અનુસરતું જીવન અને વર્ત્તન તમને સ્વાભાવિક, પ્રકૃતિ–જાત, સહજ થઈ પડશે. પછી તે પ્રમાણે વર્તવામાં તમને મુદ્દલ મુશ્કેલી પડવાની નહી. ક્રમે ક્રમે તે લક્ષણ એટલુ બધુ તમારા મનમાં ઊંડા મૂળ ઘાલશે કે તે " ટેવ " રૂપ બની જશે. અને તમારા સમગ્ર પ્રવર્તનમાં એ " ટેવ " પદે પદે પરિચય આપ્યાજ કરશે.

ઘણા વ્યવહાર ડાયા મનુષ્યો હમારી આ વાતને હસી કાઢશે. કદાચ તમે પણ વાચક બંધુ ? એ કોટીમાં વિરાજતા હશો તો મનમાં ને મનમાં બોલતા હશો કે " આ તો બધી કલ્પના જાળ છે, દિવસે આવેલું ઢંગ ધડા વીનાનું સ્વપ્નુ માત્ર છે. બહુ તો આ એક ( Theory ) છે, પરંતુ વ્યવહાર ડહાપણને અને આવા મનોમય ચિત્રને કશોજ સંબંધ નથી. ખેર ! તમને હમારી વાતને હસી કાઢવાની છુટ છે, પણ તેજ વખતે હમને પણ તમારા તરફ હસવું આવ્યા વિના રહેતું નથી. કેમકે આ ઉપરોકત નિર્ણય હજારો સમર્થ મનોવિજ્ઞાન શાસ્ત્રીઓના અનુભવનું પરિણામ છે, અને તે એક સિદ્ધ મનોવિજ્ઞાન શાસ્રીની બીના છે. હજારો મનુષ્યોએ તે યોજનાને અનુસરીને પોતાના ચારિત્રમાં અદ્ભુત પરિવર્તન કરેલું છે, અને હજારો મનુષ્યોએ "નવું જીવન" મેળવ્યું છે. સમર્થ જ્ઞાની પુરૂષોના નિર્ણયને જ્યારે તમે હસો ત્યારે હમને તમારા અજ્ઞાન ઉપર હાસ્ય આવતું કેવી રીતે અટકે ?

ઉપરોક્ત વિધિવડે મનુષ્ય ધારે તો પોતાના નૈતિક જીવનને ઉચ્ચ કોટીનું બનાવી શકે છે એટલું જ નહી, પણ તે તેની આસપાસના સ્વરૂપ રચવા પણ શક્તિમાન બને છે. તેના નિત્ય જીવનમાં વિજય મેળવવા માટે જે લક્ષણોની તેને જરૂર છે તે પણ તે પ્રાપ્ત કરી શકે છે, જેનામાં ખંત નથી, સળંગ સતતપણે કામ કરવાની ધીરજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તેઓ આ યુક્તિથી એ ઇષ્ટ લક્ષણને પોતામાં જમાવી શકે છે. તેણે ખંતનું મનોમય ચિત્ર રચીને તેની "પૂજા" કરવી જોઇએ, પોતાને તેવો કલ્પનામાં જોતાં શીખવું જોઇએ, કાર્યમાં તેણે તે ચિત્રને અનુસરતું જીવન ગુજારવું જોઇએ અને એમ કરતા કરતા એ વર્તન "ટેવ" રૂપ બને ત્યારે તે ચારિત્રનો વિભાગ બને છે. તેજ પ્રમાણે જેઓ બહુ બીકણ, પગલે પગલે ડર ખાવાવાળા અને ભીરૂ છે તેમણે પોતાની કલ્પનામાં પોતાને નિર્ભય, નિશ્ચિંત, પરમાત્મસત્તાવડે સુરક્ષિત હોવા જોઇએ. અને ક્રમે ક્રમે તે લક્ષણ તેના જીવનમાં સંક્રાન્ત થયા વિના રહેશે નહી, એવું એક પણ લક્ષણ નથી કે જે આ પ્રકારે વિકસાવી ન શકાય. ચારિત્રગઠનની આ યોજનાવડે હજારો મનુષ્યોએ પોતાની જાતને નવી જ બનાવી દીધી છે.

આ માર્ગમાં જો કોઇ મોટામાં મોટી મુશ્કેલી હોય તો તે એજ છે કે લોકોને પોતાના બળમાં વિશ્વાસ નથી. તેઓ ધારે તેવા બનીશકે તે વિષયમાં તેમને બહુજ શંકા રહેતી હોય છે. "હું કરી શકીશ" એટલુંજ વાકય અર્થ સહિત જો તેઓ કદાચ બોલી શકે તો તેઓ પોતાના જીવનમાં અદ્‌ભુતફેરફાર કરી શકે તેમ છે. પરંતુ કમનસીબે તેઓ એમજ મનવડે નક્કી કરીને બેઠા હોય છે કે "અમે તો જેવા છીએ તેવા ને તેવાજ રહેવા નિર્માયા છીએ" તેમને એટલું ભાન થાય તો કેવું સારૂં કે તેમની આત્મઘટનાનું કામ આ ભૂમિકાએ હજી પરિસમાપ્ત થયું નથી, પરંતુ હજી પૂર્ણતાની પ્રાપ્તિ સુધી આગળને આગળ ચાલવાનું છે. પોતાને જેવા થવું હોય તેવું બનવાનું બીજ પ્રત્યેક અંતઃકરણમાં રહેલુંજ છે. લોકો માનતા હોય છે કે કલ્પવૃક્ષ માત્ર દેવ ભૂમિકામાંજ છે, આ મર્ત્ય ભૂમિમાં તો માત્ર લીંબડા, બાવળ અને કેરડાના વૃક્ષોજ છે. પરંતુ તે વાત ખરી નથી. કલ્પવૃક્ષ પ્રત્યેક અંતઃકરણમાં સહજ પણે વિરાજેલું જ છે. અને તે માગ્યા મુજબ સર્વ કોઇને આપ્યેજ જાય છે. માત્ર ખામીજ એ છે કે લોકોને માગતા આવડતુ નથી. પરંતુ જેવા ફળો તમારે જોઇએ તેવા ફળો કાળે કરીને બાહ્યજગતમાં પણ તેનાથી અવતરણ પામે છે. કલ્પના શક્તિએ ઉદ્‌ભાવની શક્તિ છે. સર્જન શક્તિ ( creative power ) છે. મનુષ્યને મળેલી ઉંચામાં ઉંચી સર્વોત્કૃષ્ટ દીવ્ય બક્ષીશ છે. મનુષ્ય જ્યારે આ સત્યની પ્રતીતિ પામે છે, અને તેનો ઉપયોગ કરે છે ત્યારે તે તદ્દન બીજોજ મનુષ્ય બની જાય છે. તે અગાઉનો પામર, રંક, ભીરૂ, શક્તિહિન મનુષ્ય રહેતો નથી, પરંતુ પોતામાં ઈશત્વનો અંશ જાગૃત કરેલો અસાધારણ મનુષ્ય બને છે. તે પછી તેને એમ લાગે છે "સંયોગો મારા વશમાં છે, સંયોગોને વશ હું નથી. મારા વંશક્રમાનુગત લક્ષણો ગમે તેવા નરસા હોય પણ તે સર્વ મારા કબજામાં છે. એ સર્વ સંયોગો, પરિસ્થિતિઓ, વેષ્ટનો અને કાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળ રૂપી સમુદ્ર ઉપર થઇને મારૂ નાવ સલામત ભયહિનપણે વહ્યેજ જાય છે. સંયોગોને હું ધાર્યા પ્રમાણે બનાવી શકું છું. મારી મરજી ન હોય તેવું મારાવડે કશું પણ કોઇ કાળે બનશે નહી. કેમકે હું સર્વનો સ્વામી છું."

અહો! આવો આત્મ-સંયમ સમાજમાં કયારે પોતાનું યોગ્ય સ્થાન મેળવશે? લોકો તેની કદર કરતા કયારે શીખશે? અમેરીકાના કેટલા મોટા નગરોની વિદ્યા શાળાઓમાં ઉપરોક્ત પ્રકારનો "આત્મ સંયત વર્ગ" (self-governed grade) રાખેલો છે, અને તેમાં ફક્ત એવાજ વિદ્યાર્થીઓ પ્રવેશ કરી શકે છે કે જેઓએ પોતાના ઉપર સંયમનો કાંઇ પરિચય આપેલો હોય, જેઓ પોતાના સર્વ કાર્યો અને તેમજ મનોવૃતિને કાબુમાં રાખી શકતા હોય અને જેઓએ પોતામાં અમુક પ્રકારની ઉત્તમ "ટેવો" ને પ્રકૃતિમાં એક રસ કરી દીધી હોય. આપણો વિદ્યાશાળાઓમાં આ પ્રકારની પદ્ધતિ કયારે દાખલ થશે?

આ વિષયની સમાપ્તિ કરતા પહેલા સમર્થ તત્ત્વજ્ઞ પંડિત Herbert spencer ના નીચેના અમર શબ્દોને આ સ્થળે ટાંકવાની વૃતિને હમે રોકી શકતા નથી. આત્મસયંમ અને ચારિત્ર વિશે લખતા તે મહા પંડિત જણાવે છે કે "In the supremacy of self-control consists one of the perfections of the ideal man. Not to be impulsive-not to be spurred hither and thither by each desire-but to be self-restrained, self-balanced, governed by the just decision of the feelings in Council assembled + + + + that it is wtich moral education strives to produce." અર્થાત્:—"આત્મસંયમની ઉત્કૃષ્ટતામાં આદર્શ-મનુષ્યની સંપૂર્ણતા રહેલી છે. આવેગ અથવા તાત્કાલીક વૃતિ ક્ષોભને વશ થઇને કોઇ કામમાં ન ઝંપલાવવું, પ્રત્યેક વાસના તરંગથી અંહીથી ત્યાં અને ત્યાંથી અંહિ તણાયા ન કરવું, આત્મ-દમન કરવું, સમભાવ વિશિષ્ટ રહેલું, બધી વૃત્તિઓને સભામાં આમંત્રણ કરીને તેમણે એકમતે સ્થાપેલ નિર્ણયથી નિયમાવુ; આવી પરિસ્થિતિને ઉપજાવવી એ નૈતિક શિક્ષણનો ઉદ્દેશ છે."

અમારો પણ આજ લક્ષ્ય છે. "આત્મ-સંયત વર્ગ" માં તમારી જાતને દાખલ કરવા તમે શક્તિમાન બનો એજ અમારી શુભેચ્છા અને પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાનકાળે સમાજ સેવાની આવશ્યકતા.

આ જગત્માં મનુષ્યત્વ સિદ્ધ કરવા માટેની કોઇપણ પ્રવૃત્તિ કરવી જોઇએ, આપણો ધર્મધ્વનિ પણ તેવી પ્રવૃત્તિ કરવામાટે સર્વથા પ્રવર્તેલો છે. તેનેમાટે સરલ બુદ્ધિ પૂર્ણ અને અનુભવ સિદ્ધ યુક્તિઓ તેમાં દર્શાવવામાં પણ આવી છે, સાંપ્રતકાળે તે મનુષ્યત્વને સિદ્ધ કરવામાટે કઇ યુક્તિ ગ્રહણ કરવી જોઇએ? તે વિષે આપણે વિચારવાનું છે, જો તે વિષે દીર્ઘ વિચાર કરવામાં આવશે તો આપણાં પ્રબુદ્ધ હૃદયમાં એમજ નિશ્ચય થશે કે, **સમાજ સેવા** અથવા લોકારાધન કરવું, એ મનુષ્યત્વને સિદ્ધ કરવાનું ઉત્તમ સાધન છે, ભારત વર્ષની દરેક ઉચ્ચ ધર્મ ભાવનામાં જોશો તો જણાશે કે, ઘણાં ભારતીય આત્માઓએ અતુલ પ્રેમથી મનુષ્યોને ઉદ્ધારવા સારૂ જન્મ લઇ પોતાનો આત્મા અર્પણ કર્યો છે. જે મનુષ્યો સંસારના વિવિધ દુઃખોથી પીડાય છે, તેમને દુઃખમાંથી છુટવાનો માર્ગ દર્શાવવો અથવા જાતે, તન, મન અને ધનથી તેમને દુઃખમાંથી મુક્ત કરી સુખી કરવા, એના જેવું મહત્કાર્ય બીજું કયું છે? આપણાં પ્રત્યેક ધર્મના નાયકોએ પોતાનું ઈશ્વરત્વ સમાજ સેવા કરીનેજ સિદ્ધ કરી બતાવ્યું છે?

સમાજ સેવાના સૂત્રોની રચના ચિરકાળથી ભારત વર્ષ ઉપર ચાલતી આવે છે, અમુક સમયથીજ તે રચના છિન્ન-ભિન્ન થયેલી હોય તેમ લાગે છે. હવે તેનો પુનરૂદ્ધાર કરવો જોઇએ, સ્વાર્થી આવેશમાં તણાયા વિના પોતાની સમાજને ઐક્યભાવ દ્વારા મહા શક્તિવાળી બનાવવી હોય અને એક માત્ર પોતાની કોમ-સમાજના કલ્યાણને અર્થેજ સર્વ પ્રકારના પ્રયત્નો, સાધનાઓ તથા ઈચ્છાઓ જો હૃદયારૂઢ થયેલી હોય તો તેના જેવી બીજી એકે પ્રવૃત્તિ નથી, કોમ-જાતિને ઉન્નત તથા ગૌરવયુક્ત કરવાનું સાધન સમાજ સેવાજ છે, સત્ય, ધર્મ, પ્રેમ, શૌર્ય, પરાક્રમ અને ઔદાર્ય વગેરે સર્વ ઉદાત્ત ગુણો મેળવી આ વિશ્વની સપાટી ઉપર પ્રવૃત્તિ કરનારા પુરૂષોના હૃદયમાં જો સમાજ સેવાનો મહાન્ ગુણ જાગ્રત થયો ન હોય તો તે પુરૂષો રંગથી નહીં પૂરેલા ચિત્રોના જેવા છેં, જેમના હૃદય સમાજ સેવાની ભવ્ય ભાવનાથી પ્રજ્વલિત છે, અને જન સમાજના પ્રેમરૂપ અમૃતથી મત્ત થયેલા છે, તે પુરૂષોના સ્વાર્પણમય ચરિત્રો ભારતના ઈતિહાસને દીપાવ્યા વિના રહેતા નથી.

આ ઉપરથી આપણને સમાજસેવાના કર્ત્તવ્ય તરફ ઉચ્ચ ભાવના થયા વિના રહેશે નહીં. સાંપ્રતકાલે પ્રત્યેક યુવકે પ્રાતઃકાલે કરવા યોગ્ય ધાર્મિક ક્રિયાની સાથે પોતાના જીવન કર્ત્તવ્ય વિષે વિચાર કરતાં સમાજસેવાનો જ મુખ્ય વિચાર કરવાનો છે. સમાજસેવા અથવા લોકારાધન કરવાના પવિત્ર વિધિના શિક્ષા પાઠો યથાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી તેને ક્રિયામાં મુકવા માટે તન મન અને ધનથી પ્રવર્ત્તવું જોઇએ. આપણે આ વિશ્વની રંગભૂમિમાં મનુષ્યવેશે આવ્યા પછી આપણે સમાજસેવાનું પવિત્ર નાટ્ય ભજવવું જોઇએ. આપણા કાર્યોનો અને સમસ્ત સાધનોનો કેવળ સમાજસેવાનો એકજ ઉદ્દેશ હોવો જોઇએ. તે એજ કે, ગમે તે રીતે સમાજસેવા કરી આપણી જન્મભૂમિને કીર્તિશાળી કરી, જગતમાં તેને અનુપમ બનાવવી જોઇએ.

કેટલાએક અહંમાની આધુનિક વિદ્વાનો સમાજસેવાને એક નવીન માર્ગરૂપે જુવે છે અને તેમાં પોતાને તેના આદ્ય ઉત્પાદક તરીકે માને છે, તે તેમની મોટી ભુલ છે, કારણ કે, આપણો દીર્ઘ અને તીક્ષ્ણ દષ્ટિવાળો પૂર્વ ઇતિહાસ આજે પણ કહી રહ્યો છે કે:—જો આ ભારતવર્ષની પ્રજા શાંતિથી સમાજસેવાની નીતિને યથાયોગ્ય રૂપે અનુસરી શકી હોત તો તેથી જે અવનતિ થઇ છે તે ન થાત.

હવે સમાજસેવા કેવી રીતે કરવી જોઇએ ? તે વિષેનું દિગ્દર્શન કરવું, એ આ સ્થળે આવશ્યક છે. સાંપ્રતકાળે આપણી બીજી કોમની જેમ આપણી જૈન કોમ ઉપર પણ અનેક જાતના સંકટો જોવામાં આવે છે. કોઇપણ કુટુંબ સર્વ પ્રકારના સાધનોથી સંપન્ન જોવામાં આવતું નથી. સર્વ ઉપર સુખ અને દુ:ખના ચક્રોનું ભ્રમણ થયા કરે છે. કેટલાએક કુટુંબો કેળવણીથી વિમુખ રહે છે, ત્યારે કેટલાએક ઉદ્યોગના સાધનો વિના સીદાય છે. એ સર્વ કરતાં વિશેષ આશ્ચર્યની વાત એ છે કે, ગાડરીઆ પ્રવાહની જેમ ચાલ્યા આવતા કેટલાએક રીવાજો હાનિકારક દેખાતા છતાં તેમનો ત્યાગ થઇ શકતો નથી અને તેથી આપણો આખો સમાજ અનેક પ્રકારની વિટંબનાઓ ભોગવે છે, સમાજના ખરા સેવકોએ આ સર્વ દુ:ખમાંથી સમાજને બચાવી લેવો જોઇએ. સમાજસેવાની સાર્થકતા પણ તેવાજ કામમાં થાય છે. સમાજના સેવકોએ પ્રથમ આપણી પ્રજાના ગૃહ અને શાળા એ બે વિભાગ તપાસવાના છે. ગૃહના વિભાગની અંદર આચાર, આરોગ્ય અને નિર્વાહનું નિરીક્ષણ કરવાનું છે. જ્યાં આચાર, આરોગ્ય અને નિર્વાહની અવ્યવસ્થા ચાલતી હોય ત્યાં તે સમાજનો અધ:પાત અવશ્ય થયા વગર રહેતો નથી. સાંપ્રતકાલે આપણા આચાર વિચારમાં મોટો વ્યત્યય થઇ ગયો છે. તેથી કરીને હાનિકારક રીવાજો તરફ તેમની ઉપેક્ષા રહ્યા કરે છે. તેથી પરંપરાએ ધર્મ અને નીતિના સ્વરૂપ ઉપર નઠારી અસર થતી જાય છે. આ સમયે આપણી કોમના નેતાઓએ સમાજની કાળજી રાખીને સેવા કરવાની છે. જો તેમને સમાજ તત્વનું સ્વરૂપ યથાર્થ સમજાવવામાં આવે તો તેમનામાં પરસ્પરને સહાય કરવાની, પરસ્પરના સુખ દુ:ખમાં ભાગ લેવાની અને હળીમળીને રહેવાની ઉત્તમ પદ્ધતિ પ્રાપ્ત થયા વિના રહેશે નહીં એ પદ્ધતિના યોગથી સમાજ પોતાનું હિત સમજવાને શક્તિવાન્ થશે, એટલે તેમનામાંથી અનાચાર અને કુરીવાજો દૂર થવા લાગશે. તેથી કરીને કોઇ કોઇની સ્વતંત્રતા ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રાપ મારશે નહીં, બાળલગ્ન જેવા હાનિકારક રીવાજ અટકી જશે, કેળવણી, કળા અને ઉદ્યોગ તરફ પ્રેમ જાગૃત થશે.

સાંપ્રતકાલે કોમની સેવાનું ખરૂં સ્વરૂપ કેળવણી માર્ગે દેખાડી સકાય તેમ છે. વિશ્વની ઉન્નતિના બધા માર્ગો ખુલ્લા કરવાનું સાધન કેળવણી જ છે. કેળવણીનું વિશાળ દ્વાર ઉઘડવાથી ઉન્નતિના મનોહર મહેલમાં પ્રવેશ થઇ શકે છે. તેવી કેળવણીરૂપ વાટિકાઓમાં વિહાર કરવાને માટે બાલકો અને બાલિકાઓને તૈયાર કરવા, એ સમાજસેવાનું મુખ્ય કર્ત્તવ્ય છે. જો એ કર્ત્તવ્ય યથાર્થ રીતે બજાવવામાં આવે તો ભારતીય પ્રજાને પુન: ઉન્નતિના માર્ગે લઇ જઈ શકાય, એ નિ:સંશય વાત છે.

જ્યારે સમાજસેવાનું માહાત્મ્ય સમજવામાં આવશે ત્યારે આપણી જ્ઞાતિ અને સંઘમાં કલહ, કુસંપ અને દ્વેષનો પરિત્યાગ સ્વત: થઇ જશે. કૃપાળુ બ્રીટીશ સામ્રાજ્યના શાંતિમય રાજ્યમાં સુધારાના માર્ગમાં પ્રજા ગતિ કરવા લાગશે. વર્તમાન કાળમાં જમણવારોમાં અને તેવી બીજી પ્રવૃત્તિઓમાં થતા ખર્ચોની જોકે જરૂરીયાત નથી તે બંધ કરી કોમની ઉન્નતિ જે કેળવણી, હુન્નર ઉદ્યોગની વૃદ્ધિ–અરસપરસ સહાય વીગેરેમાં તેનો વ્યય થશે તો વિદ્યા, કલા અને ઉદ્યોગથી સંપત્તિમાં ઉમેરો થવા લાગશે અને પ્રજામાં નવું જીવન વહેવા લાગશે. વર્તમાન કાલે એવી સમાજસેવાના પાઠો આપણી જૈન પ્રજામાં હજુ પ્રવર્ત્યા નથી; એ શોચનીય વાર્તા છે. તથાપિ હવે એ મહા વિદ્યાના મંત્રોનો ધ્વનિ કેટલાએક નવીન જૈન યુવકોના કર્ણ પર આવતો જાય છે, એટલી સંતોષની વાત છે. સુધારાના સ્વરૂપને સમજનારી કોઈ કોઇ જૈન સંસ્થામાં સમાજસેવાના ઉપદેશો થવા લાગ્યા છે, તેથી આશા રહે છે કે, થોડે થોડે એ મહા વિદ્યાનું માહાત્મ્ય જૈન પ્રજામાં પ્રસરશે.

વ્યાપાર વિદ્યાની અધિષ્ઠાત્રીરૂપ જૈન પ્રજામાં જો કોમની સેવા તેની ઉન્નતિ કરવાનો પવિત્ર સંપ્રદાય વિશેષ પ્રવર્તે તો જૈન કોમને અતુલિત લાભ થયા સિવાય રહે નહીં. વિવિધ પ્રકારના વર્તમાન સમયને હાનિકર્ત્તા રીવાજો અને અયોગ્ય દુરાગ્રહને લઈને અત્યારે જૈન પ્રજાની સંઘશક્તિનો મૂળ પાયો જડમૂળમાંથી ડોલવા લાગ્યો છે. જૈનસમાજ જમાનાના સ્વરૂપને સમજતો નથી, તેથી જ તે અત્યારે પોતાની ઉન્નતિના મહેલની ઉચ્ચ રચના કરી શકતો નથી. હવે તે મહેલને જો દૃઢ પાયાથી મજબૂત અને સુશોભિત બનાવવો હોય તો સમાજસેવાનો ઉચ્ચ વિધિ તે પ્રજામાં પ્રવર્ત્તાવવો જોઇએ. સાંપ્રતકાલે ઘણા વિદ્વાનોએ દીર્ઘ વિચાર કરી નિર્ણય કર્યો છે કે કોઇ પણ પ્રજા ગમે તેટલી સર્વોત્તમ વ્યવસ્થા ધરાવતી હોય, તેની પાસે ગમે તેટલું ધનબળ કે જનબળ હોય તોપણ જો તે પ્રજાનો બાલ, યુવાન કે વૃદ્ધ સમાજસેવાના તત્વને જાણતો ન હોય તો તે પ્રજા વિશેષ સમય પર્યંત સર્વ પ્રકારની ઉન્નતિ સાધી કે ટકી શકતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજસેવા વિષે મહત્વનો પ્રશ્ન એ છે કે, દેશની કે પ્રજાની શક્તિનો મૂળ આધાર વિદ્વાન્ અને શ્રીમંતોની ઉપર છે. તેમાં પણ વિદ્વાનોના કરતાં કેટલાએક કાર્યો શ્રીમંતોથી વધારે થઇ શકે છે. જૈન શ્રીમંતવર્ગની સંખ્યા જોકે સીમાબદ્ધ છે, તથાપિ એકંદર જો તેટલી સંખ્યા પણ જો સમાજસેવાનું માહાત્મ્ય સમજી પોતાના કર્ત્તવ્ય તરફ વળે તો સામાન્ય જૈનસમાજનો સારો ઉદ્ધાર થવાનો વિશેષ સંભવ છે. તથાપિ અમારે એટલું તો કહેવું પડશે કે તદન ગરીબ વર્ગ શિવાય જો સાધારણ જૈનસમાજ પણ જનસમાજની સેવાના મહાવ્રતને ગ્રહણ કરે તો શ્રીમંત વર્ગના કરતાં વધારે કાર્ય કરી શકે. કારણકે. સાધારણ જૈનસમાજ મહાસમુદ્રના મોજાઓની માફક અસંખ્ય હોય છે. તેથી જો તે સમાજસેવામાં અમુક પ્રકારનો દૃઢ સંકલ્પ કરે તો તે સંકલ્પ ગમે તેટલો અસાધ્ય હોય તો પણ તે સિદ્ધ કર્યા વગર રહેતો નથી. અને તેજ ક્ષણે તે એક પર્વત જેટલું દ્રવ્ય ગમે ત્યાંથી પેદા કરી શકે છે. શ્રીમંતવર્ગ સાધન સંપન્ન હોવાથી જનસમાજના કાર્યો સારી રીતે કરી શકે, એ તો નિર્વિવાદ છે, પરંતુ શ્રીમંતાઇની સાથે તેમનામાં કેટલાએક સ્વાભાવિક પ્રમાદાદિ દોષો પેદા થઇ આવે છે, તેથી તેમના તરફથી સર્વ પ્રકારની આશા પૂર્ણ થતી નથી. તે દોષ વિષે એક સમર્થ વિદ્વાને સારો લેખ લખેલો છે, તે પ્રત્યેક જૈન શ્રીમંતે મનન કરવાજેવો છે. તેણે તે લેખની અંદર લખ્યુ છે કે, શ્રીમંતવર્ગની આગળ કેટલીક જાળો પથરાય છે. જેમાં વૈભવવિલાસ અને માનકીર્ત્તિની જાળ મોટામાં મોટી છે. એ જાળમાં સપડાએલા શ્રીમંતોને સમાજસેવાના તત્વો સ્પર્શ કરી શકતા નથી. વળી તે સાથે તેમનામાં દ્રવ્ય અને માનનો નાશ થવાનો ભય રહે છે, તેથી તેઓ ખુલ્લી રીતે બાહેર પડી શકતા નથી, તેથી તેઓ સંઘ કે જ્ઞાતિરૂપી શરીરની માત્ર બાહ્ય શોભારૂપ બને છે. અને સામાન્ય સમાજ તે સંઘ કે જ્ઞાતિરૂપી શરીરના મુખ્ય તત્વરૂપ છે અત્યારે ઘણે પ્રસંગે જોવામાં આવે છે કે, જૈન પ્રજાનો હિતકારી અને અતિ અગત્ય ધરાવનારો અગણિત સાધારણ જનસમાજ ઘણા લાંબા વખતથી આ દેશમાં શ્રીમંતવર્ગ તરફથી તિરસ્કાર તથા અપમાન પામતો કેટલીક વખત આવી પ્રવૃત્તિયો કરતી વખતે દેખીયે છીયે. સંઘ સંબંધી કાર્યવ્યવસ્થામાં કદાગ્રહી, કીર્તિના લાલચુ અને સત્તાના લોભી શેઠીયાઓ તે વર્ગનો મુદ્દલ અવાજ રહેવા દેતા નથી. જેથી સાંઘિક કાર્યની વ્યવસ્થા સાથે જાણે કે તેમને કોઇ પણ પ્રકારનો સંબંધ જ નથી, એમ મનાવવાના પ્રયત્નો થાય છે; તેથી સંઘના સંગીન જનસેવાના કાર્યો સિદ્ધ થઇ શકતા નથી. પશ્ચિમ દેશની પ્રજા શ્રીમંતોના એવા દોષોને સમજી ગઇ છે. તેથી તે દેશમાં સર્વ વ્યવસ્થાનો ભાર સામાન્ય જનવર્ગ ઉપર રહેલો હોય છે, તેથી તે દેશમાં સઘળાએ સાથે મળીને કામ કરવા લાગી જાય છે. તેમાંનો થોડો ભાગ કદાચ પોતાનો સ્વાર્થ સાધવાની વાસના રાખે તો પણ પ્રજાવર્ગના મહાન સમૂહનું બીલકુલ અનિષ્ટ થઇ શકતું નથી. જૈન પ્રજામાં એથી તદન ઉલટું બને છે. સંઘના નેતાપદ ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલા શેઠીઆઓ સામાન્ય વર્ગને ગણુતા નથી, અને કેટલીક વખત આપ ખુદ સત્તા રાખીને તેઓ પ્રજાના કલ્યાણના માર્ગોમાં કંટકરૂપ બને છે. સાંપ્રતકાળે કેટલાએક દીર્ઘ-દર્શી અને સમાજસેવામાં ઉપકારમય જીવન ગુજારનારા નિઃસ્વાર્થી પુરૂષો સમાજના અગ્રભાગે વિરાજવાને આગળ પડવા જાય છે પણ સંકુચિત વિચારના અને સ્વાર્થી સંઘનાયકો તેમને વિઘ્નરૂપ બન્યા વગર રહેતા નથી, એ ઘણી ખેદકારક બીના છે.

છેવટે જૈન પ્રજાના મહાન વર્ગને વિનંતિપૂર્વક કહેવાનું કે સાંપ્રતકાળે ( પછી શ્રીમંત હો સાધારણ હો કે ગરીબ હો ) પ્રત્યેક બાલ, યુવા કે વૃદ્ધ જૈને સમાજ-સેવાના સૂત્રોનું શિક્ષણ લેવાનું છે. આ સમયે પ્રત્યેકને એકત્ર થઇ આત્મભોગ આપવાને કિંવા સ્વાર્થનો ત્યાગ કરવા તૈયાર રહેવું જોઇએ. સ્વાર્થની આહૂતિ આપ્યા વિના સંપ કે એકતા થઈ શકતી નથી. જો જૈનો આવા યોગ્ય પ્રસંગે પોતપોતાની સત્તા વિસ્તારવાના તથા પોતાનો કોઇ સ્વાર્થલોભ સાધી લેવાના અયોગ્ય પ્રયત્નો કરવા આગળ પડશે તો તેનું પરિણામ નઠારૂં આવશે. સાંપ્રતકાળે ગરીબ જૈન પ્રજા દુઃખના મહાસાગરમાં પડતી જાય છે, આશ્રયના સાધનો વિના તેઓ રીબાતી જાય છે, ગરીબ વિદ્યાર્થીઓ તીવ્રબુદ્ધિનું મહાબળ છતાં સાધનેને અભાવે ઉચ્ચ કેળવણીના ક્ષેત્રમાં વિચરી શકતા નથી. વ્યાપારકળામાં આગળ વધી શકે તેવા કુ-શાગ્રમતિ જૈન યુવકોને વેપારમાં આગળ વધવાના પ્રસંગો મળી શકતા નથી. જેમ પૌષ્ટિક ખાન-પાન વિના હાડ માંસ પરિપુષ્ટ થતાં નથી, તેમ સંઘરૂપી શરીરના સામાન્ય જનસમાજ જ્ઞાનવ્યાપારકળા વિના પરિપુષ્ટ થતો નથી. તેથી સમાજસેવાની મહાવિદ્યાનો જૈનોમાં પ્રચાર થવો જોઇએ. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા—એ ચતુર્વિધ જૈન સંઘમાં સમાજસેવાના વ્યાખ્યાનો વંચાવા જોઇએ અને તેવા વ્યા-ખ્યાનને અંતે ઉત્સાહી શ્રોતાવર્ગની અંદર પ્રેમ ભરેલી અને એકતા સાધનારી પ્રભાવનાઓ કરવી જોઇએ. તેવા કોમકલ્યાણના કાર્યો જૈન પ્રજાના દરેક મનુષ્ય કરતા શીખે એજ અંતિમ પ્રાર્થના છે.

# દેવ ગુરૂ અને ધર્મ પ્રત્યે કેવો અવિહડ પ્રેમ હોવો જોઇએ ?

( ગતાંક પૃષ્ટ ૧૭૫ થી શરૂ )

૧૦ દેવગુરૂને જૂહારતાં દશત્રિક અને પાંચ અભિગમ સાચવવા ખાસ લક્ષ રાખવું જોઇએ. દશત્રિકાદિકનું સંક્ષેપથી સ્વરૂપ નીચે મુજબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) અગ્રદ્વારે, મધ્યદ્વારે અને ચૈત્યવંદન કરતી વખતે એમ અનુક્રમે **ત્રણવાર નિસ્સિહી** કરતાં ઘરનો, દેરાસરનો અને દ્રવ્ય પૂજાનો વ્યાપાર તજવાનો છે. નિસ્સિહી શબ્દ નિષેધવાચક છે. તે નિસ્સિહી કીધા પછી જે જે વ્યાપાર તજવાની પ્રતિજ્ઞા થઇ તેનો ભંગ ન થાય તેવું લક્ષ રાખવું.

(૨) અગ્રદ્વારે પહેલી નિસ્સિહી કહીને દૂરથી પ્રભુદર્શન થતાંજ અંજલિબંધ નમસ્કાર કરી ભવના ફેરા ટાળવા, રત્નત્રયીની પ્રાપ્તિ માટે ચૈત્ય ફરતી **ત્રણ પ્રદક્ષિણા** દેવી, પ્રદક્ષિણા દેતાં કોઇપણ પ્રકારની આશાતના નજરે પડે તે ટાળવી.

(૩) દેવગુરૂ દૂરથીજ નજરે પડતાં પ્રથમ **અંજલિબદ્ધ** નમસ્કાર કરવો, મધ્યદ્વારે નજદીક જતાં અર્ધું અંગ નમાડવારૂપ **અર્ધાવનત** નમસ્કાર, અને ચૈત્યવંદન સ્તુતિ સ્તવના કરતી વખતે બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એ પાંચે અંગ ભૂમિ ઉપર લાગે તેમ નમવું તે **પંચાંગ** નમસ્કાર કરવો. એ રીતે **ત્રણ પ્રણામ** અથવા ઉપર મુજબ સર્વત્ર ત્રણ ત્રણવાર પ્રણામ કરવા.

(૪) પ્રભુના અંગે જે જળચંદનાદિક પૂજા કરવી તે **અંગપૂજા**, પ્રભુની આગળ જે અક્ષત ફળ નૈવેદ્ય પ્રમુખ ધરવાં તે **અગ્રપૂજા** અને એ રીતે દ્રવ્યપૂજા કરીને એકાગ્રપણે ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિક કરવાં તે **ભાવપૂજા**. એમ ત્રણ પ્રકારની પૂજા ગૃહસ્થ ઉચિત કહી છે. સાધુને તો કેવળ ભાવપૂજાનોજ અધિકાર છે

(૫) પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થા અનુક્રમે છદ્મસ્થતા, કૈવલ્ય અને સિદ્ધતારૂપે ભાવવી. તેમાં (પ્રભુના જન્મ, દીક્ષાદિ પ્રસંગે) સ્નાત્ર અભિષેક પૂર્વક બાવના ચંદનાદિક વડે વિલેપન કરતાં છદ્મસ્થ અવસ્થા, કેવળજ્ઞાન ઉપજ્યા બાદ છત્ર ચામરાદિક આઠ પ્રાતિહાર્યોવડે કેવળી અવસ્થા અને પર્યંકાસન તથા કાઉસ્સગ્ગ મુદ્રાવડે પ્રભુની સિદ્ધ અવસ્થા ભાવવી ઘટે છે.

(૬) દેવગુરૂનાં દર્શન, વંદન, પૂજન સ્તવનાદિક કરતાં કેવળ દેવગુરૂના મુખ સામેજ દૃષ્ટિ સ્થાપવી તે શિવાય **ઉંચે નીચે**, કે **આસપાસ ક્યાંય** (પાછળ, જમણી કે ડાબી બાજુએ) આડું અવળું જોવું નહિં.

(૭) પંચાંગ પ્રણામ કરતી વખતે યથાયોગ્ય રજોહરણ, ચરવલા કે ઉત્તરાસંગ વડે **ત્રણ વખત** જયણા પૂર્વક **ભૂમિનું પ્રમાર્જન** કરવું.

(૮) ચૈત્યવંદન, સ્તુતિ સ્તવનાદિક કરતાં તેના **શબ્દ** અને **અર્થ** ઉપર તથા પ્રભુ **પ્રતિમાદિ ઉપર** બરાબર લક્ષ રાખવું.

(૯) ચૈત્યવંદનાદિક કરતાં યથાસ્થાને ૧ **જોગમુદ્રા, મુક્તાશુક્તિમુદ્રા** અને **જિનમુદ્રા** કરવા લક્ષ રાખવું. **નમોથ્થુણં** કહેતી વખતે જોગમુદ્રા. પ્રણિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાન ત્રિક ( જયવીયરાય પ્રમુખ ) કહેતી વખતે **મુક્તાશુક્તિમુદ્રા** અને કાઉસ્સગ્ગ ધ્યાને રહેતાં **જિનમુદ્રા** ધારણ કરવાનું કહેલું છે.

(૧૦) **જયવીયરાય** ( પ્રાર્થના સ્વરૂપ ), **જાવંતિ ચેઈયાઇં** અને **જાવંત કેવિસાહૂ** એ ત્રણ અથવા મન, વચન, કાયાની એકાગ્રતાએ **પ્રણિધાન ત્રિક** કહેવાય છે. ઉક્ત દશ ત્રિકોનું સવિશેષ સ્વરૂપ **દેવવંદન ભાષ્યથી** જાણવું.

(૧) પોતાના ભોગમાં આવે એવાં ફળ ફૂલાદિક સચિત્ત પદાર્થ, દેવગુરૂના દર્શન કરવા જિન મંદિર કે પોષધશાળામાં પેસતાં, બાહેર મૂકી દેવા.

(૨) સ્વસ્થિતિ અનુસારે શુદ્ધ ( સારાં ) વસ્ત્ર અલંકારાદિક સજીને જ જવું.

(૩) બીજા બધા સંકલ્પ વિકલ્પ શમાવી દઈ મનને સ્વસ્થ, એકાગ્ર કરીને જવું.

(૪) એક શાટક–સળંગ–અખંડ ઉત્તરાસંગ જનોઈના આકારે ધારીને જવું.

(૫) દેવગુરૂનાં ( દૂરથી પણ ) દર્શન થતાં જ બે હાથ જોડી, મસ્તકે લગાડીને અંજલિબદ્ધ નમસ્કાર એકવાર અથવા ત્રણવાર કરવો. એ **પાંચ અભિગમ** સર્વ સામાન્ય કહ્યા. બાકી રાજા પ્રમુખ અધિકારી જનોએ રાજચિન્હ તરીકે લેખાતા મુગટ, છત્ર, ચામર, ખડ્‌ગાદિ શસ્ત્ર અને પાદુકા ( બૂટ ) પ્રમુખ બધાં વાનાં બાહેર મૂકીનેજ અંદર પ્રવેશ કરવો.

(૧૧) દેવગુરૂનાં દર્શન, વંદન, પૂજન, સ્તવનાદિક કરીને બાહેર નીકળતાં દેવગુરૂને પુંઠ પડે નહિ એવું લક્ષ રાખવું. પડખાના દ્વારે થઇને નીકળવું અથવા પાછે પગલે ચાલીને નીકળવું. જિનમંદિરમાં પ્રાય: ત્રણ દ્વાર ( નીકળવાનાં ) હોવાનો એજ હેતુ સંભવે છે કે સ્ત્રીઓએ ડાબા બારણે થઇને અને પુરૂષોએ જમણા બારણે થઈને પ્રભુને પુંઠ ન પડે તેમ ઉપયોગથી નીસરવું.

૧૨ જળ ચંદનાદિક વડે પ્રભુની દ્રવ્યપૂજા કરવાનો અંતરંગ હેતુ ભાવ–ઉલ્લાસ વૃદ્ધિને માટે જ છે, એમ સમજી દરેક પ્રકારની દ્રવ્યપૂજા કરતાં સુજ્ઞ ભાઈ બ્હેનોએ તેના અંતરંગ હેતુ તરફ બરાબર લક્ષ રાખવું ઉચિત છે. તેમ કરવામાં ન આવે અથવા તે દરેક દ્રવ્ય પૂજાના અંતરંગ હેતુ તરફ દુર્લક્ષ રહે તો દ્રવ્યપૂજા કરનારને તેટલા માત્રથી સવિશેષ લાભ થઇ શકે નહિ તેથી અત્ર પ્રસ્તાવે તે દ્રવ્યપૂજાના અંતરંગ હેતુ માટે કંઇક વિસ્તારથી ઉલ્લેખ કરશું. પ્રભુ પોતે કૃતકૃત્ય છે. તેમને પોતાની પૂજા કરાવવાની કશી જરૂર નથી. એટલે કે પૂજા કરનાર પૂજા કરવા વડે કંઇ પ્રભુને ઉપકાર કરતો નથી, પણ વસ્તુત: વિચારતાં પોતાનોજ ઉપકાર સાધે છે–સાધી શકે છે. શી રીતે ? તે હવે તપાસીએ.

(૧) ' જેવી ભાવના એવી સિદ્ધિ ' ' ખરી અંતરંગ ભાવના ભવનો નાશ કરી શકે છે ' એવી અંતરંગ ભાવના પ્રગટાવવા જિનેશ્વર પ્રભુ ( અને સાક્ષાત્ પ્રભુના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવે પ્રભુની પવિત્ર પ્રતિમા ) પુષ્ટ આલંબનરૂપ છે. પ્રભુ પોતે નિર્મળ છતાં ભવ્યજનો પોતાના ભાવમળની શુદ્ધિ માટે ઇન્દ્રાદિક દેવોની પેરે નિર્મળ (સુગંધિ) જળવડે, જન્મ અભિષેક, રાજ્ય અભિષેક, અને દીક્ષા અભિષેકરૂપે પ્રભુની છદ્મસ્થ અવસ્થા દીલમાં ધારી, પ્રભુનો સ્નાત્ર અભિષેક કરી ભક્તિથી એવા તો આનંદિત થાય છે કે તેવા પ્રસંગે પોતાનાજ મલીન કર્મ ( પાપ ) નો નાશ અને શુભ કર્મ ( પુન્ય ) નો સંચય કરવારૂપ જે લાભ મળે છે તેની પાસે દેવતાદિકની ઋદ્ધિને પણ તૃણ જેવી અસાર અને પ્રભુ ભક્તિને જ સારરૂપ લેખે છે. જળ અભિષેક કર્યા પહેલાં પૂર્વ નિર્માલ્યને જયણાથી ઉતારી લેતાં તેમજ અભિષેક કર્યા પછી પ્રભુના અંગને ઉત્તમ પ્રકારના સુગંધિ સૂક્ષ્મ વસ્ત્રવડે લૂછી લેતાં ભાવિક આત્મા સુલક્ષથી સારી નિર્જરા કરી શકે છે. તેથી વસ્તુત: પૂજા કરનાર, કરાવનાર, ( સહાય અર્પનાર ) અને તેની અનુમોદના કરનાર પોતાના જ આત્માને ઉજ્વળ-નિર્મળ કરે છે. તેમાં પુષ્ટ આલંબન ( નિમિત્ત કારણ ) રૂપ જિનેશ્વર પ્રભુ અથવા પ્રભુની પરમ શાન્ત રસને દ્રવતી પવિત્ર પ્રતિમા જ છે.

આ સ્થળે એક અગત્યની વાત તરફ ભક્તજનોનું લક્ષ ખેંચવું ઉચિત જણાય છે, તે એ છે કે ઈન્દ્રાદિક દેવોની પેરે પ્રભુનો સ્નાત્ર અભિષેક કરવાની પોતાની ફરજ વિસારી દઈ, કઈક સ્થળોએ ભાડુતી નોકરો પાસે તે કામ કરાવવામાં આવે છે એટલુંજ નહિ પણ તેવે પ્રસંગે આપણા હૈડાના હાર અને માથાના મુગટ જેવા પ્રભુના અંગે અણછાજતી રીતે અતિ બરસટ અને અણીદાર વાળાકુંચીઓનો એવો ત્રાસદાયક ઉપયોગ કરાય છે કે તે દેખીને સહૃદય ભક્તજનોનું હૃદય ભરાઈ આવે છે, કંપે છે અને દ્રવે છે. ભીના અંગલૂછણાથી જે કામ સુખે થઈ શકે છે, તે કામ કરવા, નાહક દેખાદેખીથી તીક્ષ્ણ અણીવાળી વાળાકુંચી વડે કરાવા દેવાય તે કેવા પ્રકારની ભક્તિ ! સુજ્ઞજનો ભક્તિવશ ધારશે તો આવી અનેક બાબતોમાં જલ્દી સુધારો કરી શકશે અને અન્ય અવિચારી જનોને પણ શુભ માર્ગ દર્શક બની શકશે.

( ૨ ) ચંદનનો સ્વભાવ શીતળ કરવાનો છે. અનંતી ક્ષમા અને સમતાવડે પ્રભુ પરમ શીતળ છતાં ભવ્યજનો પોતાના અનાદિ રાગાદિ કષાય તાપને ઉપશમાવવા નિમિત્તે અને ક્ષમા, સમતાદિક ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવા માટે તે પરમ પ્રભુને યજી ( પૂજી-અર્ચી ) ને એજ પાર્થે છે કે હે પ્રભો ! અમે ભાવ શીતલતા પામીએ અને ભાવતાપ વમીએ એવો અનુગ્રહ આપ અમારી ઉપર કરો.

અત્ર જણાવવું જરૂરનું છે કે મુખ્ય પૂજા ચંદનની જ છે. કેસર, કસ્તુરી પ્રમુખ સુગંધી દ્રવ્યો અંગરચનાદિક પ્રસંગે શોભાકારી હોવાથી અન્ય ભવ્યજનોને અનુમોદનાના કારણરૂપ થાય તેથી તેનો નિષેધ નથી. અન્યથા તેનો આગ્રહ પણ નથી. તેમ છતાં મુગ્ધજનો કેશર પાછળ ખર્ચ કરે છે અને ચંદન માટે ઓછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરકાર કરે છે. તેમણે પોતાની થતી ભૂલ સુધારી જરૂરી વસ્તુ માટે જ લક્ષ રાખવું જોઇએ.

( ૩ ) સુમનસ્ નામ પુષ્પનું, પંડિતનું તેમજ દેવતાનું પણ છે. તાજાં, વિકસિત સુગંધી એવાં વિવેકથી અણાયેલાં ઉંચા પુષ્પો વડે પરમ પ્રભુને યજતાં-પૂજતાં મનપ્રસન્ન-પ્રફુલ્લિત થાય છે, પ્રશંસાપાત્ર થાય છે અને દેવતાદિકને પણ અનુમોદનીય થાય છે. તેથી સુજ્ઞજનો ઇન્દ્રાદિક દેવોની પેરે પરમ પ્રભુને વિવિધ જાતનાં ઉત્તમ પુષ્પોવડે, પુષ્પમાલ્ય[1]વડે, પુષ્પ પગરવડે યજે છે. પૂજે છે અને પોતાના મનને પ્રમુદિત કરે છે તેમજ અન્યજનોને પણ અંગરચનાદિક વડે કર્મ નિર્જરાના કારણિક બની પ્રમુદિત કરે છે.

( ૪ ) ધૂપ અગ્નિમાં દહી, મલીનવાસ દૂર કરી, ઉત્તમ ખૂશબો આપી, ઊંચે જાય છે. તેમ ભાવિક આત્મા પ્રભુ પાસે ધૂપ પૂજા વડે સ્વાર્થત્યાગ શિખી કરીને અનાદિ મિથ્યાવાસના દૂર કરી, શુભ લેશ્યા પ્રગટાવી સ્વપરનું હિત સાધી ઊંચી ગતિ પામે છે. પ્રભુની આશાતના ન થાય તેમ દૂરથી ધૂપ ઉખેવી પ્રભુની ડાબી બાજુએ રાખવો જોઇએ.

( ૫ ) દીપકનો સ્વભાવ અંધકારને દૂર કરવાનો છે. જગદીપક એવા જિનેશ્વર પ્રભુ પાસે જયણા સહિત ઉત્તમ દીપક પ્રગટાવી પોતાનામાં સ્વાભાવિક જ્ઞાન દીપક પ્રગટ કરવા શુભમતિ આપવા પ્રભુ પાસે ભવ્ય આત્મા પ્રાર્થે છે. કુદાં વિગેરે ત્રસ જીવોનો નાશ ન થાય તેમ તે દીપક ફાનસ પ્રમુખમાં જમણી બાજુએ રાખવો જોઇએ.

( ૬ ) અક્ષત નામ ( અખંડ ) તંદૂલનું છે. એવા અખંડ ઉજવળ અક્ષત વડે સ્વસ્તિકાદિક અષ્ટ મંગલ આલેખી ભવ્ય આત્મા પ્રભુ પાસે અખંડ અને ઉજવળ એવું મોક્ષ સુખ પ્રાર્થે છે. થોડા પણ અખંડ અણીશુદ્ધ અક્ષતજ વાપરવા ઉચિત છે પણ જેવા તેવા અણશોધેલા જીવાકુળ ચોખા વાપરવા ઉચિત નથી. કેમકે દ્રવ્ય તે ભાવ નિમિત્ત=જેવું દ્રવ્ય વાપરીએ તેવો ભાવ પ્રગટ થવા પામે.

( ૭ ) અણાહારીપદ-મોક્ષને પ્રાપ્ત થયેલા પરમપ્રભુની પાસે સ્વશક્તિ અનુસારે વિવિધ રસવતી ઢોકીને ભવ્યાત્મા **નિવેદન કરે** કે આપ મારી અનાદિની રસલોલુપતા નિવારીને મને આપના અનુપમ અનુભવરસમાં લીનતા થાય તેમ કરો.

( ૮ ) ઉત્તમ પ્રકારના રસવાળા ( સરસ ) ફળો સ્વશક્તિ અનુસારે પ્રભુ પાસે ઢોકીને જેનાથી ઉત્તમ બીજું કાંઈ નથી એવા મોક્ષફળનીજ ભવ્ય આત્મા પ્રાર્થના કરે. આવી સહેતુક પ્રાર્થના પ્રભુ પાસે કરવાથી આત્મામાં વીર્યોલ્લાસ પ્રગટે છે, જેથી પ્રભુએ ફરમાવેલા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ભણી

૧ વિવેકથી ગુંથેલ, પણ સોય વીંધેલ નહિ એવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા પ્રયાણ કરવા ઉજમાળ બને છે, અને અનુક્રમે ગુણસ્થાનકમાં આગળ વધી છેવટે નાગકેતુની પેરે નિર્મળ કેવળજ્ઞાન પામીને જન્મ, જરા, મરણ, આધિવ્યાધિ ઉપાધી રહિત મોક્ષસ્થાનને પ્રાપ્ત કરે છે. અષ્ટપ્રકારી પૂજા પ્રતિદિન કરવાના અભ્યાસી ભકતજનો તેનું કંઇક રહસ્ય પામીને તેમાં અધિક રસ–અનુભવ મેળવી અન્ય મુગ્ધજનોને દ્રષ્ટાન્ત રૂપ બને એવા આશયથી તદ્દગત હેતુ, કંઇક વિસ્તારથી વર્ણવેલ છે. એજ રીતે ૧૭ પ્રકારી, ૨૧ પ્રકારી, ૧૦૮ પ્રકારી એમ અનેક પ્રકારી દ્રવ્યપૂજા, ભાવ પ્રાપ્તિ–રક્ષા–વૃદ્ધિ નિમિત્તે શાસ્ત્રમાં વર્ણવી છે, તેનું રહસ્ય ગુરૂ-ગમ્ય મેળવી તેનો રસ–અનુભવ મેળવી ભવ્યાત્માઓ સ્વશ્રેય સાધો ! અપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

## ભાવનગરમાં વિદ્વાન મુનિ મહારાજાઓનું આવાગમન.

જેમાંથી અનેક મુનિરાજો અને શ્રાવક વ્યકિતઓ અભ્યાસ કરી વિદ્વતા પામેલ છે તેવા શ્રીમદ્ યશોવિજયજી પાઠશાળા બનારસનો જન્મ આપનાર **શ્રીમદ્ વિજયધર્મસૂરિ** મહારાજ પોતાના વિદ્વાન શિષ્યો સાથે શ્રી સિદ્ધક્ષેત્રમાં ગયા ચાતુર્માસમાં બિરાજમાન હતા, ચાતુર્માસ વ્યતિત થયા બાદ અત્રેના શ્રી સંઘના આગ્રહપૂર્વક વિનંતિ અને આમંત્રણને માન આપી ગયા માગશર વદી ૧૦ ના રોજ અત્રે પધાર્યા હતા. અત્રેના શ્રી સંઘે સામૈયા વગેરેથી બહુજ સારી ભક્તિ કરી હતી. દોઢ માસ અત્રે સ્થિરતા થતાંના દરમ્યાન ચાર ભાષણો જુદા જુદા વિષયો ઉપર જૈન અને જૈનેતર પ્રજા અધિકારી વર્ગ વગેરે સમક્ષ આપ્યા હતા. અને સ્ત્રી સુધારણા અર્થે સ્ત્રીઓની સભા સમક્ષ બે ભાષણો આપ્યા હતા. જાહેરમાં ભાષણ આપવાનો પ્રબંધ જૈન મુનિરાજો તરફથી આ શહેરમાં પ્રથમ હોવાથી જૈન અને જૈનેતર પ્રજાએ ખુશાલી બતાવી હતી.

અન્ય મુનિરાજો અને તેમાં વળી વિદ્વાન મુનિરાજાઓનું આવાગમન આ શહેરમાં કવચિત્ કવચિત્ થતું હોવાથી અને હાલ ઘણે વખતે થયેલ હોવાથી તેમજ ઉક્ત મુનિરાજો અત્રેથી વિહાર કરી ગયા બાદ ન્યાયાંભોનિધિ **શ્રીમદ્ વિજયાનંદસૂરિના** વિદ્વાન પ્રશિષ્ય મુનિરાજ **શ્રી વલ્લભવિજયજી મહારાજનું** પણ આવકારદાયક આવાગમન તરતજ થયેલ હોવાથી અને તેમની વિદ્વત્તાનો વ્યાખ્યાન–જાહેર ભાષણ વગેરેથી ઉપરા ઉપર આ શહેરની જૈન પ્રજાને મળવાથી જૈન પ્રજામાં અનહદ ખુશાલી અને અપૂર્વ આનંદ થયો હતો.

સૂરિજી મહારાજને આગ્રહપૂર્વક અત્રે વધારે વખત સ્થિરતા કરવા માટે સર્વેની પ્રાર્થના છતાં શ્રી ગીરનારજીની યાત્રાનો લાભ લેવાની તીવ્ર ઇચ્છા હોવાથી વધારે વખત નહીં રોકાતાં મહા શુદ ૭ ના રોજ અત્રેથી વિહાર કરી ગયા છે.

## ભાવનગરમાં થયેલ જાણવા યોગ્ય દિક્ષા મહોત્સવ અને તેનું કરવું જોઇતું અનુકરણ.

અનેક સ્થળે ઉપકાર કરતા શ્રી સિદ્ધાચલજી તિર્થની યાત્રા કરી શ્રી ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) ના પ્રશિષ્ય વિદ્વવર્ય **મુનિરાજ શ્રી વલ્લભવિજયજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહારાજ** અત્રેના શ્રીસંઘની વિનંતી અને આગ્રહપૂર્વક આમંત્રણથી મહા શુદી ૧૫ના રોજ અત્રે પોતાના વિદ્વાન શિષ્યમંડળ સહિત ભાવનગર પધાર્યા હતા. અત્રેના શ્રીસંઘે બહુજ ઠાઠથી ગુરૂભકિત દર્શાવવા સામૈયું કર્યું હતું અને ઉકત મહાત્મા શ્રીસંઘના મારવાડીના વંડાના નામથી ઓળખાતા ઉપાશ્રયમાં બીરાજમાન થયા હતા. બીજે દીવસથી તેરશ્યા ત્યાંસુધી દરરોજ સવારે વ્યાખ્યાન થતું હતું, ઉકત મહાત્માનું વિદ્વતાપૂર્ણ અપૂર્વ શૈલીવાળું વ્યાખ્યાન શ્રોતાઓને આલ્હાદ ઉત્પન્ન કરતું હતું, રવીવારના રોજ આ શહેરની સમગ્ર પ્રજા સમક્ષ " **હાલના સમયે આપણે શેની જરૂરીયાત** છે "તે વિષય ઉપર જાહેર ભાષણ આપ્યું હતું. જેથી અત્રેનો અધિકારીવર્ગ અને સાક્ષરવર્ગ સાંભળી ચકિત થઇ ગયો હતો. અત્રેની જૈન બોર્ડીંગમાં પણ ઉકત મહાત્મા તેમજ તેમના શિષ્ય મુનિરાજ **શ્રીવિમળવિજયજી** મહારાજે પણ પ્રજા સમક્ષ જેમ જાહેર વ્યાખ્યાન આપ્યું હતું, તેમવિદ્યાર્થીઓની વિનંતીથી ત્યાં પધારીને પણ ભાષણ આપ્યું હતું. મહા વદી ૧૧ ના રોજ શ્રીજીરા (દેશ પંજાબ)ના રહેવાશી જૈન બંધુ શંકરલાલ જૈનીની વિનંતી અને ઇચ્છાથી તેમનાં સુપત્નિ બેન ભાગ્યવંતીને દિક્ષા આપવાનો મહોત્સવ શ્રીસંઘ તરફથી કરવામાં આવ્યો હતો. આ બંને સ્ત્રીપુરૂષોએ ત્રણ વર્ષ થયાં સર્વથા બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું હતું અને ધર્મસાધન નિરંતર આ સુખી જોડું નિર્દોષ રીતે કરતું હતું. કાળની પરિપકવતા થતાં અત્રે ચારિત્ર અંગીકાર કરવાનું નિમિત પ્રાપ્ત થતાં શ્રીશત્રુંજયની શ્રીનવાણુયાત્રા પૂર્ણ થતાં બીજેજ દીવસે અત્રે ધર્મીષ્ટ દંપતિ પધાર્યા, ઘણા વખતની ઇચ્છા હોવાથી, મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજનો સુયોગ હોવાથી તાત્કાલીક તે બેનને દિક્ષા લેવાની તથા તેમના ધર્મપતિને દિક્ષા દેવાની ઇચ્છા થતાં, ઉકત દિવસે સવારના વરઘોડો ચડાવી શ્રીદાદાસાહેબની વાડીના દેવાલયના ચોકમાં શ્રીચતુર્વિધ સંઘ સમક્ષ શેઠ શંકરલાલ જૈનીએ પોતાની હાજરીમાં સ્વહસ્તે પોતાની પત્નિને ચારિત્ર ગૃહણ કરાવ્યું. ઉકત મહાત્માએ વિધિવિધાન સહીત દિક્ષા આપી હતી. બેનનું ચારિત્ર લીધા બાદ ચંપકશ્રી મહારાજ નામ સ્થાપિત કર્યું છે અને તે શ્રી દેવશ્રીજી મહારાજનાં શિષ્યા શ્રી હેમશ્રીજી મહારાજના શિષ્યા થયાં છે.

તેમના સંસારપક્ષના પતિ શંકરલાલભાઇને પગે વ્યાધી છે જે ચારિત્ર લે તો વિહાર કરવા અશકત હોવાથી, માત્ર સંસારમાં ગ્રહસ્થ તરીકે રહી આજીવીકાનું સાધન હોવાથી પોતાની જીંદગી સાર્વજનિક ધાર્મિક કૃત્યો કરવામાં અર્પી છે ધન્ય છે તે દંપતિને ! ! ! !

ચારિત્ર લેવાના દરમ્યાન ઉકત બ્હેન પાસે જે દાગીના હતા તે તેમના પતિએ તેમની મરજી પ્રમાણે સારા માર્ગે વ્યય કરવાની રજા આપેલ હોવાથી આડંબર અને ખાવાપીવામાં તેનો વ્યય ન કરતાં આ જમાનામાં શી વસ્તુની જરૂરીયાત છે તેવા ખાતાઓમાં નીચે મુજબ વ્યય કર્યો હતો.

૨૦૦) શ્રીમહાવીર જૈન વિદ્યાલય મુંબઇ.
૧૦૦) અંબાલા શ્રી જૈન આત્માનંદ સભા.
૨૫) અંબાલા જૈન કન્યાશાળા.
૧૦) અંબાલા જૈન ટ્રેકટ સોસાઇટી.
૫૦) શ્રી જીરા પાર્શ્વનાથને ટીલું.
૧૫) પાલીતાણા જૈન બાળાશ્રમ.
૫૦) ભાવનગરના સાધર્મી બંધુને મદદ માટે (શેઠ કુંવરજી આણંદજી અને ગાંધી વલ્લભદાસ ત્રિભુભવનદાસને આ રકમ સોંપાઇ છે.)
૫૦) દીક્ષા મહોત્સવમાં.

૫૦૦)

દિક્ષાનો ખર્ચ પણ તે બંધુ શંકરલાલ જૈનીએ પોતાથી આપ્યો છે આ ઉપરથી આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહોત્સવ પ્રસંગે ખર્ચ કરનાર કરાવનાર જૈન બંધુઓ અને બ્હેનોએ આ વાતનું અનુકરણ કરવા જેવું છે. આપણા ધર્મગુરૂઓએ પણ તેવોજ ઉપદેશ આપવાની અગત્યતા છે.

વિશેશ આનંદજનક વાત એ છે કે ઉકત બેનને ચારિત્ર આપ્યા બાદ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજે ચારિત્રથી થતા લાભો ? ચારિત્ર શું વસ્તુ છે ? આત્મઉન્નતિ તેનાથી શી રીતે થાય છે ? સમાજનો ઉદ્ધાર તેથી શી રીતે થઇ શકે છે ? ચારિત્ર લેનારનું શું કર્તવ્ય છે ? ઉકત બેને ચારિત્ર લીધા બાદ તેની પરિપાલના કેમ કરવી, શી રીતે વર્તવાથી તેની વૃદ્ધિ થાય ? તેમના ગુરૂણી વીગેરે સાથે વિનયથી કેમ વર્તવું ? તેમની સાથેના અન્ય સાધ્વી મહારાજોનું નવદિક્ષીતને કેમ પ્રેમ ઉત્પન્ન થાય તેવો માર્ગ લેવા વિગેરે વિષય ઉપર એક કલાક સુધી અપૂર્વ ઉપદેશ આપ્યો હતો જે સાંભળી ત્યાં હાજર રહેલ શ્રીચતુર્વિધ સંઘને અપૂર્વ આનંદ થયો હતો. ત્યારબાદ મહોત્સવ પૂર્ણ થયો હતો.

અત્રેના શ્રીસંઘની ઘણી આગ્રહપૂર્વક થોડા વધારે દિવસ સ્થિરતા કરવા માટે વિનંતિ છતાં ઘણે દુર વિહાર કરવાનો હોવાથી છેવટે મહા વદી ૧૩ ના રોજ ઉકત મહાત્માએ અત્રેથી વિહાર કર્યો છે.

## સંસારના લગ્નાદિ પ્રસંગોએ સમાજ ઉન્નતિ માટે લક્ષ દેવાની જરૂર.
### હાલમાં બનેલ તેવા કાર્યની અનુકરણ કરવાની જરૂરીયાત.

લગ્નાદિ પ્રસંગે જમણવાર, દારૂખાનું, નૃત્ય, વરઘોડા અને તેવા બીજા નિમિત્તોમાં સ્વશક્તિ અનુસાર આપણી કોમમાં દરવર્ષે મોટી સંખ્યામાં પૈસો ખરચાય છે પરંતુ હવે ચાલતા જમાનાને તેની જરૂર છે કે કેમ ? તેમજ તેમાંથી કોઇ બાતલ કે કમી કરવા યોગ્ય છે કે કેમ ? તેનો કોઇ વીચાર પણ કરતું નથી. ખેર ! પરંતુ તેવા કાર્યમાં સેંકડો, હજારો, લાખો રૂપૈયા બીનજરૂરીયાતે વાહ વાહ કહેવરાવવા ખર્ચાય છે ત્યારે કોમની ઉન્નતિ માટે, તેના બાળકોની કેળવણી માટે અસહાયકને સહાય માટે કોઇ એક પાઇ પણ આપવા મોટે ભાગે લક્ષ આપતું નથી. જે શોચનીય છે. સાંભળવા અને જાણવા પ્રમાણે આ સ્થિતિ ઉપર અમદાવાદ નિવાસી શેઠ મોહનલાલભાઇ હેમચંદ ઝવેરીએ લક્ષ આપ્યું છે. હાલ પોતાના પ્રિય પુત્ર ભોળાભાઇના લગ્ન પ્રસંગે જ્ઞાતિભોજનનું કાર્ય નહીં કરતાં સ્વામી બંધુઓની સેવા કરવા ખરૂં સ્વામીવાત્સલ્ય કર્યું છે. રૂ. ૨૧૦૦) પોતાના સ્વર્ગસ્થ પત્નીના નામે જ્ઞાતિના બાળકોને માટે કેળવણી ફંડમાં આપ્યા છે અને લગ્ન નિમિત્તે રૂ. ૪૦૦) ની જુદી જુદી સંસ્થાઓને પણ બક્ષીસ આપેલ છે. આ દાખલો આવા પ્રસંગે પ્રથમજ હોઇ દરેક જૈન બંધુઓએ તેમનું અનુકરણ ખાસ કરવા જેવું છે. આવા ઉત્તમ કાર્ય માટે અમો **શેઠ મોહનલાલભાઇ હેમચંદ**ને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

## ગ્રંથાવલોકન.

**સ્ત્રીસુખ દર્પણ. શ્રાવિકા. સચિત્ર માસિક.**

**( પ્રથમ અંક. )**

અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલ છે. સ્ત્રી ઉન્નતિ, સ્ત્રીસુખ વૃદ્ધિ અને સ્ત્રીસંસાર સુધારણા અર્થે પ્રકટ થયેલ આ સચિત્ર માસિકનું અવલોકન કરતાં અમોને આનંદ થાય છે. આનંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલા માટે થાય છે કે અનેક માસિક અને પેપરો જૈન અને અન્ય વ્યકિતઓ તરફથી પ્રસિદ્ધ થાય છે, પરંતુ સ્ત્રીને ઉપયોગી માસિક ઘણીજ અલ્પ સંખ્યામાં અને તે નમુના તરિકે અમુકજ છે, જ્યારે આ માસિકના તંત્રી અને વ્યવસ્થાપક જે અમારા જૈન બંધુઓ છે તેમણે જૈન કોમમાં અમારી બેનો માટે–તેઓની સ્થિતિ ઉચ્ચ બનાવવા અર્થે, જેની ખરેખરી ખામી અને જરૂરીયાત હતી, તે ઘણુંજ મોટું સાહસ કરી આ માસિકનો જન્મ આપી આવશ્યકતા પુરી પાડી છે તેને માટે ધન્યવાદ ઘટે છે. આ માસિકને ઉપયોગી અને ખેંચાણકારક બનાવવા માટે તેને બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારની સુંદરતા આપી છે. બાહ્ય સુંદરતા વિવિધ રંગબેરંગી મુખપૃષ્ટ ઉપર આપેલી આ માસિકની જરૂરીયાત બતાવનારૂં શાસનદેવી અને દરેક ગુજરાતી–મારવાડી–કચ્છી–દક્ષીણી વગેરે સ્ત્રીમંડળ કે જે પ્રેમથી ઝીલેલાં પુષ્પની માળા ગુંથી ઉકત શાસનદેવી માતાને આરોપણ કરે છે, અને શ્રીશાસનદેવી જાણે કે સ્ત્રીમંડળની ઉન્નતિ માટે પોતાનો હર્ષ બતાવતા હોય તેમ જણાય છે, તેવું દર્શનિક ચિત્ર આ માસિકની સૌંદર્યતામાં ખાસ વધારો કરે છે.

શ્રાવિકા માસિક નામ આપ્યા છતાં તેમાં આવેલા લેખોનું અવલોકન કરતાં તે એકલી જૈન બ્હેનો માટે નહીં, પરંતુ જૈનેતર બલ્કે સામાજીક રીતે દરેક પછી જૈન હો કે જૈનેતર ગમે તે બ્હેનને ઉપયોગી જણાય છે અને ઉદ્દેશ વાંચતાં તેમજ તેનું બીજું નામ **સ્ત્રીસુખ દર્પણ** જે નામ પણ મુખપૃષ્ટ ઉપર આપેલું છે તે ઉપરથી સિદ્ધ થાય છે, જેથી જૈન તેમજ જૈનેતર દરેક વ્યકિતને આવકારદાયક છે.

આ માસિકના વિષયો અને તેને લગતા ચિત્રનો પરિચય કરતાં હાલમાં વીશમી સદી નામના નીકળતાં માસિકની યોજના જે ખરેખર પ્રશંસનીય થયેલ છે, તે ઉપરજ ખાસ આ માસિકના જન્મ આપનારાઓએ લક્ષ અને ઉદ્દેશ રાખી પ્રગટ કરેલ હોય તેમ જણાય છે જેથી આ માસિક પણ ભવિષ્યમાં વધારે પ્રશંસાપાત્ર નિવડશે એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે.

જેમ આ માસિકના જન્મદાતા એક પેપરના ચલાવનારા અનુભવી હોઇને ભવિષ્યમાં વધારે ઉપયોગી બનાવશે તેમ ખાત્રી છે, તેમ આ માસિકની આદ્ય પ્રેરણા કરતા એક મંગળાબ્હેન નામના બ્હેન હોવાથી આ સ્ત્રી ઉપયોગી માસિક ભવિષ્યમાં વધારે પ્રશંસાપાત્ર અને જરૂરીયાત પુરી પાડશે તેવા સુચિન્હો તેથી પણ જણાય છે.

હાલમાં ચાલતા મહાયુદ્ધના પ્રસંગે જ્યાં છાપવાના કાગળો, છાપવાની શાહી વગેરે દરેક સાહિત્યની ઘણીજ મોંઘવારી છતાં આવું સુંદર માસિક ધારવા પ્રમાણે જેમાં મોટો ખર્ચ થયેલો હોવો જોઇએ, તેવું સાહસ ખેડવાનો જે પ્રયત્ન તેના જન્મદાતાએ કરેલ છે, જેને માટે તે ધન્યવાદને પાત્ર છે. તેટલુંજ નહીં પરંતુ આવા સમયમાં કરેલ પ્રવૃત્તિ બીજી રીતે ગૌણપણે પણ સમાજસેવા બજાવવાનો પણ પ્રયત્ન હોઇ તેટલુંજ પ્રશંસાપાત્ર છે. આવા મોંઘવારીના પ્રસંગે જેમ આપણે આ પત્ર માટે એક સાહસ ઉપાડી લીધેલું માની ધન્યવાદ આપીયે છીએ, તેમ તેના વાર્ષિક લવાજમ રૂ. ત્રણ રાખેલ છે જે જોતાં યોગ્ય છે. તેની સુંદરતા, ચિત્ર પરિચય વગેરે જોતાં ખરેખરી રીતે તે જૈન કે જૈનેતર દરેક વ્યકિત માટે તે ઉત્તેજનને પાત્ર છે. દરેક બંધુઓએ પોતાના ઘરના શૃંગાર તરીકે અને પોતાની બ્હેનો, માતાઓ અને સ્ત્રીઓની ઉન્નતિ માટે આ માસિકને ગમે તે રીતે ઉત્તેજન આપી તેની ભવિષ્યમાં વૃદ્ધિ થવા અને તેમ થતાં આપણો સ્ત્રીવર્ગ સુશિક્ષીત થવા પામે તે માટે આનંદપૂર્વક વધાવી લેવાની જરૂર છે. આ માસિક ભવિષ્યમાં વધારે ઉપયોગી બનશે એમ તેની સર્વ સ્થિતિ અત્યારે જોતાં માલમ પડે છે. અમે તેનું દિર્ઘાયુષ્ય ઇચ્છવા સાથે અભ્યુદય પામો એમ આનંદ સાથે જાહેર કરીએ છીએ.

**મળવાનું સ્થળ,**

**વ્યવસ્થાપક શ્રાવિકા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆનો સં. ૧૯૭૨ ની સાલનો રીપોર્ટ.

અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. આ ધાર્મિક સંસ્થા આપણી કોમમાં પ્રથમ છે, તેમ પ્રથમથીજ તેની વ્યવસ્થા ઉત્તમ અને કાર્યવાહકો મોભાદાર અને પૂર્ણ ઉત્સાહી છે. ભૂતકાળમાં કેટલાક કારણોથી નીદ્રા લેતી હતી, પરંતુ ખાસ છેલ્લા ત્રણ ચાર વર્ષોથી તેના ઉત્સાહી ઓ. સેક્રેટરીઓએ ઉચ્ચ સ્થિતિએ મુકવા અને ઉદ્દેશો પાર પાડવા જે પ્રયત્ન કર્યો છે, તે ધન્યવાદને પાત્ર છે એમ આ રીપોર્ટ વાંચવાથી તે માનવાને ખાસ કારણ મળે છે. ઉકત વિજયવતી સંસ્થા સંપૂર્ણ અવાજ કરી શકે અને ઉદ્દેશ પ્રમાણે અસરકારક થઇ પડે તેના માટે તેમાં ઘણા સભાસદો થવાની જરૂર છે, કે જે થવાથી ઉક્ત સંસ્થા પોતાના કાર્યમાં બળવતી થાય તેને માટે હજી આપણી સમાજે તે માટે ખાસ લક્ષ ખેંચવાની જરૂર છે.

આ વાર્ષિક મેળાવડા વખતે તેના પ્રમુખ શેઠ દેવકરણભાઇ મૂળજીએ જૈન કોમની તનદુરસ્તીની બાબતમાં અને કોમની કેળવણીની પ્રગતિ બાબતમાં કોમનું જે લક્ષ્ય ખેંચ્યું છે તે ખાસ લક્ષમાં લેવા જેવું છે. અમો દરેક રીતે આ સંસ્થાનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

ઉક્ત રીપોર્ટ સાથે મરહુમ શેઠ ગુલાબચંદ મોતીચંદ દમણીયાની યાદગીરી જાળવી રાખવા મળેલી ઉકત સંસ્થાની મીટીંગમાં કરેલ ફંડ માટે તેના લીસ્ટ સાથેની યાદી અમોને મોકલવામાં આવેલ છે, તે ફંડના વ્યાજમાંથી જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનું ઠરાવવામાં આવેલ છે, તે ખરેખરૂં જરૂરનું છે અને મદદ કરવા યોગ્ય છે; પરંતુ આ વખતે સખેદ જણાવવું પડે છે કે જો ઉકત સ્વર્ગવાસી બંધુએ કરેલી આપણી સમાજસેવા કિંમતી અને યોગ્ય છે તો તેવા એક કિંમતી સેવા બજાવનાર જાહેર પુરૂષની પાછળ તેની કદરદાની કે કિંમત જૈનકોમ કેવી રીતે કરે છે તે લીસ્ટમાં જણાવેલી માત્ર બાવીશેંહની એક રકમ કે જે કેળવણીના ઉત્તેજન માટે અને તે પુરૂષની જાહેર સેવા માટે તદન નજીવી છે. આવીજ રીતે મી. વીરચંદ રાઘવજી ગાંધી કે જેણે સ્વાર્થનો ત્યાગ કરી સમાજસેવા કરી હતી તેની પાછળ તેના કુટુંબની સંભાળ રાખવાની કે યાદગીરી માટે જૈનકોમે કેવી કિંમત કરી છે તે સૌ જાણે છે, આમ હોવાથી જૈનેતર આપણા સમાજ માટે ખરેખરી કિંમત ન કરે અને બીજી રીતે બોલે તો બનવાજોગ છે. જેથી આવા કાર્યોમાં જૈન શ્રીમંત વર્ગ વગેરેએ પોતાની લક્ષ્મીનો ફાળો વધારે આપવાની જરૂર છે.

## મુંબઇ ઇલાકાની જૈન વસ્તીમાં પ્રાંતવાર આવતું મરણ પ્રમાણ અને જૈન કોમના નેતાની ફરજ.

આવા હેડીંગની એક નાની બુક પ્રસિદ્ધ કરી અમોને ભેટ મોકલેલ છે જેમાં જૈન કોમનું લક્ષ ખેંચવા માટે તેના પ્રસિદ્ધ કર્ત્તા અને તેને માટે ઘણા વખતથી સતત્ પ્રયાસ કરનાર બંધુ નરોતમદાસ બી. શાહે સારો પ્રયત્ન કર્યો છે. જૈન વસ્તીમાં: પ્રાંતવાર જે મરણ આવે છે તેના આંકડા ઘણોજ સતત્ પ્રયત્ન કરી તેઓએ મેળવી આ બુકમાં દાખલ કર્યા છે. આવો પ્રયાસ તેઓ ઘણા વખતથી કરી જૈન કોમનું મરણ પ્રમાણ ઓછું આવે, સુખાકાર્ય જળવાઇ રહે તેના માટે જૈન કોમની જે દાઝ તેઓના હૃદયમાં છે તે આથી બતાવી આપે છે. તે બુકમાં બતાવ્યા પ્રમાણે જૈન કોમની પ્રજાની તનદુરસ્તી સાચવવા માટે તેઓએ બતાવેલા ઉપાયો આદરણીય છે અને તેને માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને વિનંતિ.

આ સભા તરફથી હાલમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો આમાસિકના ગયા ( માહ ) માશના ટાઇટલ ઉપર જણાવ્યા મુજબ આ સભાના લાઇફ મેમ્બરોને પોસ્ટ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવાનું શરૂ કરવામાં આવેલ છે, જેથી દરેક બંધુ તે સ્વીકારી લેશે. જે બંધુઓને એક માશની અંદર ભેટના ગ્રંથો ન મળે તેઓએ અમોને લખી જણાવવું.

---

## મહોપાધ્યાય શ્રી શાન્તિચંદ્રગણિ કૃત.

### સંસ્કૃત ગ્રંથ.

## कृपारस कोश.

આ પવિત્ર ગ્રંથ તેજ છે કે જેના શ્રવણથી ખુશી થઈ મહાન્ મુગલ સમ્રાટ્ અકબર બાદશાહે પોતાના વિશાળ રાજ્યમાં સાલ ભરમાં છ મહિના સુધી જીવહિંસા બંધ કરી હતી અને જૈનધર્મનું બહુ માન કરી જગત્માં ખ્યાતિ વધારી હતી. તેજ આ कृपारस कोष ગ્રંથ છે જે છપાઇ તૈયાર થયો છે. આ મહાન્ ગ્રંથના સંપાદક જૈન ઇતિહાસ પ્રેમી અને વિદ્વદ્રત્ન **મુનિરાજ શ્રી જિનવિજયજી** મહારાજ છે, કે જેનો જૈન ઐતિહાસિક શોધ માટે અપરિમિત પ્રયાસ છે. પુસ્તકના પ્રારંભમાં એક લાંબી પ્રસ્તાવના ઉક્ત મહાત્માએ રસીલી અને આકર્ષક હિન્દી ભાષામાં, જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિને સમ્રાટ્ અકબર બાદશાહે શી રીતે આમંત્રણ કર્યું ! તેઓશ્રીનો સત્કાર શી રીતે કર્યો ! ઉપાધ્યાયજી શ્રી શાન્તિચંદ્રજીએ શું શું કર્યું ? આ ગ્રંથની શામાટે રચના કરી અને અકબર બાદશાહે તેમને શું કરી આપ્યું ઇત્યાદિ વાતો વગેરે ઘણી ખુબી ભરેલી અને આકર્ષક રીતે લખવામાં આવેલી છે. બાદશાહે સૂરિજી મહારાજને જે જે મહાન્ ફરમાનો—સનંદો આપી છે. તેની વિશ્વસનીય ઈંગ્રેજી નકલો હિન્દી ભાષાંતર સહિત આપવામાં આવેલ છે. સાથે ઘણી જ મુશ્કેલીથી અને ઘણો જ ખર્ચ કરી મૂળ ફારસી ફરમાનોના સુંદર અને મ્હોટા બે ફોટોગ્રાફ્સ ( છબીઓ સાથે આપવામાં આવેલ છે, કે જે આજસુધીમાં **કોઇપણ સ્થળે** પ્રગટ થયા નથી. અકબર બાદશાહની મ્હોરનો પણ એક ફોટોગ્રાફ આપવા સાથે ગ્રંથના પ્રારંભમાં શ્રીહીરવિજયજીસૂરિ અને બાદશાહનો દર્શનીય ફોટોગ્રાફ આપવામાં આવ્યો છે. પુસ્તકની અંતમાં આખા ગ્રંથનો સરલ ટુંક સાર આપવામાં આવેલ છે. એ રીતે આ ગ્રંથની સુંદર રચના કરવામાં આવી છે.

આખો ગ્રંથ ઉંચા અને જાડા આર્ટપેપર ઉપર બ્લુ અને લાલ એમ ડબલ રંગમાં, સુંદર ટાઇપમાં છપાવવામાં આવેલ છે.

કિંમત રૂ ૧—૦—૦ પોસ્ટ જુદું, જે પુસ્તક જોતાં તદ્દન નજીવી લાગશે. માત્ર થોડી નકલો જ શીલીકમાં છે, જેથી જેમણે ખરીદવું હોય તેમણે અમોને લખી મોકલવું. પાછળથી રૂ ૫) આપતા પણ મળશે નહીં અને પસ્તાવું પડશે.

---

## विज्ञप्ति त्रिवेणि.

આ સંસ્કૃત ગ્રંથ **જૈન ઐતિહાસિક** સાહિત્યનો હોઇને આવી જાતનું પુસ્તક જૈન સાહિત્યમાં તો શું પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પણ હજુસુધી પ્રગટ થયું નથી. ઐતિહાસિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દૃષ્ટિએ આ ગ્રંથ ખરેખર મહત્વનો છે. તેમાં આવેલા વૃત્તાંત જૈન સમાજની તત્કાલિનસ્થિતિપર કેવું સરસ અજવાળું પાડે છે. તે આ ગ્રંથનું અવલોકન કર્યે માલમ પડે તેવું છે.

આ ગ્રંથના સંપાદક શ્રીમાન્મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજ છે. આઠ ફોર્મના ગ્રંથ ઉપર ૧૨ ફોર્મની પ્રસ્તાવના લખી જૈન ઇતિહાસ ઉપર ઉકત મહાત્માએ સારૂં અજવાળું પાડેલું છે કિંમત ( કપડાનું પુઠું ) રૂા. ૧–૦–૦ ( સાદું બાઇડીંગ ) રૂા. ૦–૧૪–૦ ( અમારે ત્યાંથી મળશે. ) પોસ્ટેજ જૂદું.

## પુસ્તક પહોંચ.

નીચેના પુસ્તકો વગેરે અમોને ભેટ મળેલ છે, જે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ.

૧ દીપમાલિકા વ્યાખ્યાન. મુનિરાજશ્રી સુખસાગરજી મહારાજ મુંબઇ.
૨ જિનભક્તિ આદર્શ નં. ૧૫ કાપડ મારકીટ વેપારી મંડળ મુંબઇ.
૩ શ્રીપાટણ જૈન મંડળ (મુંબઇ) નો રીપોર્ટ શ્રી પાટણ જૈન મંડળ તરફથી.
૪ મહુવા ગૌરક્ષક સભાનો છવીશમો વાર્ષીક મહોત્સવ. મહુવા ગૌરક્ષા સભાના મંત્રી.

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

શેઠ અમરચંદ હેમચંદભાઇ રે૦ તલેગામ–દાભાડે ( પુના ) પે. વ. લાઇફ મેમ્બર.

## જૈન ઉપદેશકો જોઇએ છીએ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સુકૃત ભંડાર ફંડ માટે ભાષણો આપી ફંડની વસુલાત કરી શકે તેવા કેળવાયલા, અનુભવી, બાહોશ ઉપદેશકો બહારગામોએ ફરવા માટે જોઇએ છીએ. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે. અરજી સાથે અગાઉ જ્યાં નોકરી કરી હોય તેના સર્ટીફીકેટની નકલ તથા ખાત્રી માટે પોતાના આગેવાન જૈન ગૃહસ્થનો ખાત્રીપત્ર મોકલવો.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ
પાયધુની, મુંબઇ નં. ૩

મણીલાલ સુરજમલ ઝવેરી.
સારાભાઇ મગનલાલ મોદી.
ઓ. સેક્રેટરીઓ, શ્રી સુ. ભં. ફંડ.

## શેઠ મગનલાલ કંકુચંદનો ખેદકારક સ્વર્ગવાસ.

ધંધા અર્થે મુંબઇ રહેતાં વિજાપુર નિવાસી બંધુ મગનલાલ કંકુચંદ ગયા પોશ વદી ૧૩ ના રોજ ટુંક વખતની બીમારી ભોગવી પંચત્વ પામ્યા છે. તેઓ ધર્મશ્રદ્ધાળુ હોવાથી પોતાની જીંદગીમાં ધર્મના અનેક શુભ કામો તેઓએ કરેલા છે અને સ્વર્ગવાસ પહેલાં થોડી મુદતમાં જન્મભૂમિના પોતાના શહેરમાં ઉદ્યાપનનો કરેલ મહોત્સવ તે વાતની સાક્ષી પુરે છે. સિવાય કેળવણીને ઉત્તેજન, ગ્રંથોદ્ધાર, તીર્થયાત્રા વગેરેમાં પણ પોતાની લક્ષ્મીનો સારો વ્યય કરેલો હતો. તેઓ સ્વભાવે મીલનસાર અને શાંત હતા અને ખરેખરા ગુરૂ ભક્ત પણ હતા. તેવા એક નરરત્નના સ્વર્ગવાસથી અમો અમારી દીલગીરી જાહેર કરીયે છીયે અને તેઓના કુટુંબનો દિલાસો આપવા સાથે તેઓના આત્માને પરમ શાંતિ મળે તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only